


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 335
Dt.: 10-10-2025,
Friday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com







બંને દેશના વડાએ આજે મુંબઈમાં બેઠક યોજી જાહેરાત કરી

# નવ અગ્રણી બ્રિટિશ યુનિવર્સિટી હવે ભારતમાં કેમ્પસ ખોલશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે આજે બંને દેશો વચ્ચેના શૈક્ષણિક સંબંધોને વધુ ગાઢ બનાવતાં ઐતિહાસિક પગલું લીધુ છે. બંને દેશના વડાએ આજે મુંબઈમાં બેઠક યોજી જાહેરાત કરી છે કે, યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટન સહિત નવ અગ્રણી બ્રિટિશ યુનિવર્સિટી ભારતમાં કેમ્પસ ખોલશે.

યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટનનું ગુરુગ્રામ ખાતે પ્રથમ કેમ્પસનું ઉદ્ઘાટન થઈ ચૂક્યું છે, જેમાં વિદ્યાર્થીઓએ એડમિશન પણ લીધા છે.

આ પહેલ ભારત-યુકે શૈક્ષણિક સહયોગમાં એક મહત્વપૂર્ણ પગલું છે અને ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે સુસંગત છે. તેનો ઉદ્દેશ ભારતીય વિદ્યાર્થીઓને દેશ છોડ્યા વિના વતનમાં જ વિશ્વસ્તરીય શિક્ષણની સુવિધા પૂરી પાડવાનો છે. તેમજ ઈનોવેશન અને કૌશલ્ય વિકાસને વેગ આપવા માટે સહયોગી રિસર્ચ અને શૈક્ષણિક-ઉદ્યોગ ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે.

યુકેની પાંચ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીએ ભારતના મુખ્ય શહેરોમાં કેમ્પસ સ્થાપવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. સાઉથમ્પ્ટન ઉપરાંત, યુનિવર્સિટી ઓફ બ્રિસ્ટોલે મુંબઈમાં એક નવું એન્ટરપ્રાઈઝ કેમ્પસ ખોલવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂરી મળી છે, જે ૨૦૨૬ ના ઉનાળામાં વિદ્યાર્થીઓનું સ્વાગત કરશે.

આ પાંચ યુનિવર્સિટી ભારતમાં કેમ્પસ ખોલશે

૧. યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટન - ગુરુગ્રામ (કેમ્પસ પહેલાંથી જ કાર્યરત)
૨. યુનિવર્સિટી ઓફ લિવરપૂલ - બેંગ્લોર
૩. યુનિવર્સિટી ઓફ યોર્ક - મુંબઈ
૪. યુનિવર્સિટી ઓફ એબરડીન - મુંબઈ
૫. યુનિવર્સિટી ઓફ બ્રિસ્ટોલ - મુંબઈ

બ્રિટિશ PM કીર સ્ટાર્મર આઠ અને નવ ઓક્ટોબરની બે દિવસીય ભારત મુલાકાતે છે. આ તેમની વડાપ્રધાન પદે ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાત છે. બે દિવસીય પ્રવાસ દરમિયાન બંને નેતાઓએ વિઝન ૨૦૩૫ રોડમેપ હેઠળ ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના વિકાસની સમીક્ષા કરી છે.

## યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટનનું ગુરુગ્રામ ખાતે પ્રથમ કેમ્પસનું ઉદ્ઘાટન થઈ ચૂક્યું છે, જેમાં ઘણા બધા વિદ્યાર્થીઓએ એડમિશન પણ લીધા છે

આ ૧૦-વર્ષીય યોજના વેપાર, રોકાણ, ટેકનોલોજી, ઈનોવેશન, સંરક્ષણ, સુરક્ષા, આબોહવા, ઊર્જા, આરોગ્ય, શિક્ષણ અને પીપલ-ટુ-પીપલના જોડાણોને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

આ મુલાકાત યુકેના અત્યાર સુધીના સૌથી મોટા વ્યાપાર પ્રતિનિધિમંડળ સાથે પણ સુસંગત છે, જે દ્વિપક્ષીય સંબંધોને નવી ઉર્જા આપશે. તાજેતરમાં હસ્તાક્ષર કરાયેલ વ્યાપક આર્થિક અને વેપાર કરાર આયાત ખર્ચ ઘટાડવા, યુવાનો માટે નવી રોજગારીની તકો ઉભી કરવા, વેપારને વેગ આપવા અને બંને દેશોમાં ઉદ્યોગો અને ગ્રાહકોને લાભ આપવાની અપેક્ષા છે.

પીએમ મોદીની જુલાઈ, ૨૦૨૫ની યુકે મુલાકાત દરમિયાન અપનાવવામાં આવેલા ભારત-યુકે વિઝન ૨૦૩૫ રોડમેપથી ઉચ્ચ શિક્ષણમાં સહયોગ માટે નવા માર્ગો ખુલ્યા છે. ભારતમાં યુકે યુનિવર્સિટી કેમ્પસની સ્થાપનાથી ભારતીય વિદ્યાર્થીઓને વૈશ્વિક-સ્તરીય શિક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવશે. તેમજ ભારતીય તથા યુકે સંસ્થાઓ વચ્ચે સહયોગી સંશોધનને પ્રોત્સાહન મળશે.

જજો કોર્ટમાં ઓછું બોલે, પ્રવચન ના આપે : પૂર્વ જજ

# જૂતાકાંડ મામલે ખુદ સીજેઆઈ જવાબદાર : પૂર્વ જજ માર્કંડેય કાત્જુ

**પૂર્વ જજ કાત્જુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, હું CJI પર જૂતા ફેંકવાની ઘટનાની નિંદા કરું છું**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ માર્કંડેય કાત્જુએ જૂતા ફેંકવાની ઘટના માટે ભારતના ચીફ જસ્ટિસ બીઆર ગવઈને જ જવાબદાર ઠેરવ્યા છે. તેમણે કહ્યું કે, જજોએ કોર્ટમાં ઓછું બોલવું જોઈએ અને પ્રવચન ન આપવા જોઈએ. ૭૨ વર્ષીય વકીલ રાકેશ કિશોરે કોર્ટમાં જ ચીફ જસ્ટિસ ગવઈ પર જૂતા ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. કિશોરે દાવો કર્યો હતો કે, CJI દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીથી હું દુઃખી હતો.

પૂર્વ જજ કાત્જુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, હું CJI પર જૂતા ફેંકવાની ઘટનાની નિંદા કરું છું, પરંતુ તેમણે ખજુરાહોમાં ભગવાન વિષ્ણુની પ્રતિમા સાથે સંબંધિત અરજીની સુનાવણી કરતી વખતે તેમણે પોતે જ આ ઘટનાને આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, તમે કહો છો કે તમે વિષ્ણુના મોટા ભક્ત છો. તો જાઓ અને તમારા દેવતાને કહો કે, તમે ખુદ જ કંઈક કરો. જાઓ અને પ્રાર્થના કરો.

પૂર્વ જજે આગળ લખ્યું કે, આ પ્રકારની ટિપ્પણી અયોગ્ય અને બિનજરૂરી હતી. તેનું કેસના કાનૂની મુદ્દાઓ સાથે કોઈ લેવાદેવા નહોતું. જજોએ કોર્ટમાં ઓછું બોલવું જોઈએ, પ્રવચન, ઉપદેશ કે વ્યાખ્યાન ન આપવા જોઈએ નહીં.

૭૧ વર્ષીય વકીલે મીડિયા સાથે વાતચીતમાં માફી માગવાનો ઈન્કાર કરતાં જણાવ્યું હતું કે, લાખો કેસ પેન્ડિંગ છે. હું માફી માગવાનો નથી, મને આ વાતનો જરાય પસ્તાવો નથી. મેં કંઈ જ ખોટું કર્યું નથી. તમને સવાલ કરી રહ્યો છે, પરંતુ વાસ્તવમાં આ સર્વશક્તિમાને જ મને આમ કરવા મજબૂર કર્યો. તેમણે શા માટે મૂર્તિની મજાક કરી. તેમની આ મજાકથી મારી લાગણી દુભાઈ છે.

ચીફ જસ્ટિસની કોર્ટમાં કોઈ એક PIL પર ગવઈ સાહેબે મજાક ઉડાવતાં મને ખૂબ જ આઘાત લાગ્યો હતો. CJIએ વિચારવું જોઈએ કે, તેઓ બંધારણના સર્વોચ્ચ પદ પર બેઠા છે. તેમણે મીલોર્ડનો અર્થ સમજવો જોઈએ અને તેનું માન જાળવવું જોઈએ. તમે મોરિશિયસ જાઓ અને કહો કે, દેશ બુલડોઝર સાથે નહીં ચાલે. હું CJIને પૂછવા માગું છું કે, સરકારની સંપત્તિ પર કબજો કરનારાઓ વિરુજદ્ધ યોગીજીનું બુલડોઝર ચાલે તેમાં ખોટું શું છે? મને ખૂબ આઘાત લાગ્યો છે. બેંગલુરુ પોલીસે કિશોર વિરુદ્ધ FIR નોંધી છે. અધિકારીઓએ જણાવ્યું કે ઓલ ઈન્ડિયા એડવોકેટ્સ એસોસિએશનના અધ્યક્ષ ભક્તવચલાની ફરિયાદ બાદ રાકેશ કિશોર વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા (BNS) ની કલમ ૧૩૨ (લોક સેવકને તેમની ફરજ બજાવતા અટકાવવા માટે હુમલો અથવા ગુનાહિત બળ) અને ૧૩૩ (ગંભીર ઉશ્કેરણી ઉપરાંત અન્ય કારણોથી કોઈ વ્યક્તિનું અપમાન કરવાના ઈરાદાથી હુમલો અથવા ગુનાહિત બળનો પ્રયોગ) હેઠળ FIR દાખલ કરવામાં આવી છે.

# અફઘાની વિદેશમંત્રી અમીર ખાન મુત્તાકી ભારત પહોંચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

તાલિબાન સત્તામાં આવ્યા પછી, અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકી પ્રથમ વખત ભારતની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. આ યાત્રાને ભારત અને તાલિબાન શાસન વચ્ચેના ઉચ્ચ-સ્તરીય સંપર્કનું સૌથી મોટું પ્રતીક ગણવામાં આવે છે, જે અફઘાનિસ્તાનમાં અશરફ ગની સરકારના પતનનાં ચાર વર્ષ બાદ થઈ રહી છે. મુત્તાકીનો પ્રવાસ ગયા મહિને જ નવી દિલ્હી માટે નિર્ધારિત હતો, પરંતુ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) દ્વારા લાદવામાં આવેલા પ્રવાસ પ્રતિબંધના કારણે તે રદ્દ કરવો પડ્યો હતો. જોકે, ૩૦ સપ્ટેમ્બરે, UNSCની સમિતિએ મુત્તાકીને અસ્થાયી છૂટ આપી, જેના પગલે તેમને ૯ થી ૧૬ ઓક્ટોબર દરમિયાન નવી દિલ્હી આવવાની મંજૂરી મળી. UNSCએ તાલિબાનના તમામ મુખ્ય નેતાઓ વિરુદ્ધ પ્રતિબંધો લગાવ્યા છે અને તેમને વિદેશ પ્રવાસ માટે આ પ્રકારની છૂટ મેળવવી પડે છે. મુત્તાકીના આ પ્રવાસથી કાબુલમાં તાલિબાન શાસન સાથે ભારતના સંબંધોને એક નવું પરિમાણ મળવાની આશા છે.

# મધ્યપ્રદેશમાં જીવલેણ કફ સિરપ વધુ બે ભૂલકાંને ભરખી ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્યપ્રદેશમાં દૂષિત કોલ્ડ્રિફ કફ સિરપ (Coldrif Cough Syrup)ની દુર્ઘટના હજુ પણ યથાવત્ છે. જેમાં કિડનીમાં સંક્રમણને કારણે વધુ બે માસૂમ બાળકોનાં મોત થતાં, રાજ્યમાં આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા બાળકોની સંખ્યા વધીને ૨૨ થઈ ગઈ છે. ગુરુવારે છિંદવાડાના એડિશનલ કલેક્ટર ધીરેન્દ્ર સિંહ નેત્રીએ આ મૃત્યુઆંકની પુષ્ટિ કરી.

એડિશનલ કલેક્ટરે જણાવ્યું કે, છિંદવાડાના પરાસિયા કસબાના રહેવાસી બે બાળકો — ૫ વર્ષના વિશાલ (બુધવારે સાંજે) અને ૪ વર્ષના મયંક સૂર્યવંશી (મોડી રાત્રે)નું નાગપુરની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું. આ સાથે, મૃત્યુ પામનારા બાળકોની સંખ્યા હવે ૨૨ થઈ ગઈ છે.

મધ્યપ્રદેશ પોલીસે આ મોતના કેસની તપાસ માટે SITની રચના કરીને, તમિલનાડુ સ્થિત કોલ્ડ્રિફના નિર્માતા વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. પરાસિયાના SDOP જિતેન્દ્ર સિંહ જાટે જણાવ્યું કે, SITએ ગુરુવારે ભેળસેળયુક્ત કફ સિરપ મામલે તમિલનાડુની શ્રીસન ફાર્માના માલિક રંગનાથન ગોવિંદનની ચેન્નઈમાંથી ધરપકડ કરી છે. પોલીસે દવા ફેક્ટરીને સીલ પણ કરી દીધી છે. આરોપીને ટ્રાન્ઝિટ રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરાશે અને શુક્રવાર સુધીમાં પરાસિયા લાવવામાં આવશે.

મધ્યપ્રદેશ પોલીસે આ મોતના કેસની તપાસ માટે SITની રચના કરીને, તમિલનાડુ સ્થિત કોલ્ડ્રિફના નિર્માતા વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. પરાસિયાના SDOP જિતેન્દ્ર સિંહ જાટે જણાવ્યું કે, SITએ ગુરુવારે ભેળસેળયુક્ત કફ સિરપ મામલે તમિલનાડુની શ્રીસન ફાર્માના માલિક રંગનાથન ગોવિંદનની ચેન્નઈમાંથી ધરપકડ કરી છે અને દવા ફેક્ટરીને સીલ કરી દીધી છે. આરોપીને ટ્રાન્ઝિટ રિમાન્ડ બાદ શુક્રવાર સુધીમાં પરાસિયા લાવવામાં આવશે.

મધ્યપ્રદેશ સરકારે બાળકોના મોતની તપાસ દરમિયાન બે ઔષધિ નિરીક્ષકો અને હ્રદ્ધછના એક ઉપ નિર્દેશકને સસ્પેન્ડ કર્યા હતા, તેમજ રાજ્યના ઔષધિ નિયંત્રકની બદલી કરી દીધી હતી.

આ કેસમાં છિંદવાડાના ડૉ. પ્રવીણ સોનીની બેદરકારીના આરોપસર ધરપકડ કરાઈ છે, જેમની જામીન અરજી સ્થાનિક કોર્ટે બુધવારે ફગાવી દીધી. ડૉ. સોનીની ધરપકડના વિરોધમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશને ગુરુવારે જિલ્લામાં અનિશ્ચિતકાળની હડતાળની ધમકી આપી છે.




# તંત્રી લેખ......

## NDAમાં બિહાર ચૂંટણી માટે બેઠક વહેંચણીનું કોકડું ગુંચવાયું

જનતા દળ યુનાઈટેડ (JDU) અને ભારતીય જનતા પાર્ટી (BJP) એવું નક્કી કર્યું છે કે તેઓ પોતાના બેઠકોના વિતરણ પહેલાં સહયોગી પક્ષોની બેઠકોનો મુદ્દો ઉકેલશે. આ કાર્યની જવાબદારી ભાજપને સોંપવામાં આવી છે. જેડીયુએ ભાજપને સ્પષ્ટપણે જણાવ્યું છે કે પ્રથમ લોજપા (રા), રાલોમો અને હમ જેવા સહયોગી દળો વચ્ચે બેઠકોની વહેંચણી કરવામાં આવે. ત્યાર પછી જ જેડીયુ અને ભાજપ બાકીની બેઠકોનું પોતાનું વિતરણ કરશે. આ વહેંચણી માટેનો ફોર્મ્યુલા બચેલી બેઠકોમાં અડધો-અડધો રહેશે, જેમાં સંભવતઃ એક કે બે બેઠકનો ફેરફાર થઈ શકે છે. છેલ્લા બે-ત્રણ દિવસમાં સહયોગી પક્ષોના વલણ જોઈને જ આ નિર્ણય લેવામાં આવ્યો છે કે પહેલા તેમનો જ મામલો પતાવવામાં આવે. ચિરાગ પાસવાનની લોજપા (રા) એ ૪૦ બેઠકોની માંગ કરી છે, તો ઉપેન્દ્ર કુશવાહાની રાલોમોને ૨૦ બેઠકોની જરૂર છે. એ જ રીતે જીતન રામ માંઝીની હમને ઓછામાં ઓછી ૧૫ બેઠકો જોઈએ છે. હાલમાં, કોઈપણ પક્ષ નમતું જોખવા તૈયાર નથી, ત્રણેય સહયોગી દળો પોતપોતાની માંગણીઓ પર મક્કમ છે. પરિણામે, સહયોગી પક્ષોની કુલ માંગ વધીને ૭૫ બેઠકો સુધી પહોંચી ગઈ છે. આનાથી જેડીયુ-ભાજપ માટે પરિસ્થિતિ ગૂંચવાઈ ગઈ છે, કારણ કે તેમની પાસે હવે માત્ર ૧૬૮ બેઠકો જ બાકી રહે છે. બીજી તરફ, જેડીયુ અને ભાજપ પોતે ઓછામાં ઓછી ૧૦૧-૧૦૩ બેઠકો પર ચૂંટણી લડવા માંગે છે, જ્યારે સહયોગી દળો માટે માત્ર ૩૮-૪૦ બેઠકો જ વહેંચવાની યોજના હતી. ઉલ્લેખનીય છે કે, એકલા જેડીયુની માંગ તો ૧૦૯ બેઠકોની છે. મૂળ યોજના મુજબ, અન્ય સહયોગી પક્ષો માટે માત્ર ૩૩ બેઠકો જ બાકી રહેવાની હતી, જેમાં એક-બે બેઠકનો ફેરફાર કરવાની સંભાવના હતી. જોકે, સહયોગી પક્ષોની નવી અને ઊંચી માંગણીઓને કારણે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. હવે સહયોગી પક્ષોની બેઠકોની ભાગીદારીમાં ચોક્કસપણે વધારો થશે. આ કારણોસર જ, જેડીયુએ ભાજપ સાથે પોતાની બેઠકોની વહેંચણી શરૂ કરતાં પહેલાં અન્ય ત્રણેય સહયોગી પક્ષોની બેઠકો નક્કી કરવા પર ભાર મૂક્યો છે. આ અંગે ત્રણેય પક્ષોના નેતાઓ સાથે વાતચીત શરૂ થઈ ચૂકી છે અને અપેક્ષા છે કે આગામી બે દિવસમાં બેઠકો અંગે અંતિમ નિર્ણય લેવાઈ જશે.

## વર્લ્ડ મેન્ટલ હેલ્થ ડે :- ચિંતા અને તણાવને કહો અલવિદા

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલી રાષ્ટ્રીય ટેલિ-માનસિક આરોગ્ય સેવા (ટેલિ-માનસ) દેશભરમાં માનસિક આરોગ્ય સંભાળની નિર્ણાયક ભૂમિકા બજવી રહી છે. આ વિશ્વસનીય, ગોપનીય અને નિઃશુલ્ક સેવા ઓક્ટોબર, ૨૦૨૨માં શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૪ કલાક કાર્યરત હેલ્પલાઈન નંબર ૧૪૪૧૬ ની મદદથી દેશના ૧૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ, મહિલાઓ અને વડીલો તણાવમુક્ત જીવન જીવવા માટે કાઉન્સેલર અને સાયકિયાટ્રિસ્ટની નિઃશૂલ્ક મદદ લઈ રહ્યા છે.

ટેલિ-માનસ કાર્યક્રમનો પ્રાથમિક ઉદ્દેશ્ય દેશની પ્રજા, ખાસ કરીને ગ્રામ્ય અને દૂરસ્થ વિસ્તારોમાં રહેતા નાગરિકોને ૨૪૮૭ દિવસ મફત તથા ગુપ્ત માનસિક આરોગ્ય પરામર્શ અને સહાય ઉપલબ્ધ કરાવવાનો છે. કોવિડ-૧૯ મહામારી પછીના સમયમાં માનસિક તણાવ, ચિંતા, ઉદાસીનતા અને એકલતા જેવી સમસ્યાઓના નિવારણ અને સંભાળ માટે આ સેવા અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

★આ કાર્યક્રમ એક સુસંગત બે-સ્તરીય પદ્ધતિ પર આધારિત છે:★

● પ્રથમ સ્તર : આ સ્તરે, ટોલ-ફ્રી નંબર ૧૪,૪૧૬ અથવા ૧૮૦૦-૮૯૧-૪૪૧૬ પર આવતી કૉલ્સને તાલીમ પ્રાપ્ત માનસિક આરોગ્ય પરામર્શકો (કાઉન્સેલર્સ) દ્વારા સંભાળવામાં આવે છે. તેઓ કૉલર્સને સક્રિય રીતે સાંભળે છે, તેમની સમસ્યાઓ સમજે છે અને તાત્કાલિક માનસિક સમર્થન અને પ્રાથમિક પરામર્શની સેવાઓ પૂરી પાડે છે.

● દ્વિતીય સ્તર : જે કેસમાં વિશેષજ્ઞ કાઉન્સેલર અને સાયકિયાટ્રિસ્ટના હસ્તક્ષેપની આવશ્યકતા હોય છે, તેમને આ સ્તરે મનોચિકિત્સક (સાયકિયાટ્રિસ્ટ) સાથે ઑડિયો-વિડિયો પરામર્શન માટે રૂટ કરવામાં આવે છે. આ સ્તરે ઈ-પ્રિસ્ક્રિપ્શન, તબીબી માર્ગદર્શન, અને જરૂરિયાત મુજબ જિલ્લા માનસિક આરોગ્ય કાર્યક્રમ અથવા સ્થાનિક સેવા કેન્દ્રો સાથે સંકલન કરી રેફરલની સુવિધા પણ ઉપલબ્ધ કરવવામાં આવે છે. ગંભીર પરિસ્થિતિઓમાં, ક્રાઈસિસ ઈન્ટરવેન્શન ટીમ સક્રિય થાય છે.

★ગુજરાત રાજ્યમાં ટેલિ-માનસ★

ગુજરાત રાજ્યમાં અમદાવાદ સ્થિત માનસિક આરોગ્ય હોસ્પિટલ ખાતે ટેલિ-માનસ સેલ દ્વારા સક્રિય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આ કેન્દ્ર ખાતે ૧૬ તાલીમપ્રાપ્ત પરામર્શકો અને ૩ મનોચિકિત્સકોની ટીમ દ્વારા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં ચોવીસ કલાક સેવા ઉપલબ્ધ છે. આ સેલ જિલ્લા માનસિક આરોગ્ય કાર્યક્રમ સાથે સંકલિત રીતે કાર્યરત છે, જેના દ્વારા સતત ફોલો-અપ અને સુગમ રેફરલ સુવિધા સુનિશ્ચિત થાય છે.

"ટેલિ-માનસ ભારત સરકારની 'સર્વજન સુખાયઃ સર્વજન હિતાય' ની ભાવનાનું જીવંત ઉદાહરણ છે. તે માનસિક આરોગ્ય સેવાઓને રાષ્ટ્રવ્યાપી પહોંચ અને સમાનતા સાધવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

ટેલિ-માનસ સેવાનો લાભ લઈ શકે તેવા લાભાર્થીઓ:

● પરીક્ષા અથવા રોજગાર સંબંધિત તણાવ અનુભવતા યુવા વર્ગ અને વિદ્યાર્થીઓ.

● ચિંતા, ઉદાસીનતા અથવા આત્મહત્યાના વિચારોથી પીડિત વ્યક્તિઓ.

● મદ્યપાન, તમાકુ અથવા અન્ય નશીલા પદાર્થોના વ્યસનથી પીડિત લોકો.

● વૃદ્ધજનો, કામકાજી પીઢી અને મહિલાઓ જે વ્યક્તિગત અથવા વ્યાવસાયિક તણાવ અનુભવે છે.

● માનસિક રોગોથી પીડિત વ્યક્તિઓના પરિવારજનો અને સંભાળ રાખનારાઓ.

ટેલિ-માનસ કાર્યક્રમ ભારત સરકારના "સર્વે ભવન્તુ સુખિનઃ" અને "માનસિક આરોગ્ય વિશે ખુલ્લાપણું અને સહાય માંગવી એ સામાન્ય બાબત છે" એ સંદેશને મૂર્ત રૂપ આપે છે. આ સેવા દ્વારા માનસિક આરોગ્ય સંભાળ હવે ફોન કૉલ જેટલી જ નજીક છે તેમ ભારત સરકારના આરોગ્ય મંત્રાલયની યાદીમાં વધુમાં જણાવાયું છે.

- પ્રિન્સ ચાવલા

### વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ઉત્તર ગુજરાત- મહેસાણા

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ભારત સરકારના રેલવે, સૂચના અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવના હસ્તે મહેસાણામાં આયોજિત VGRCમાં ટ્રેડ શૉ અને એક્ઝિબિશન ઉદ્ઘાટન







ઉત્તર ગુજરાત માટે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)નું આયોજન ૯-૧૦ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ મહેસાણાની ગણપત યુનિવર્સિટીમાં કરવામાં આવ્યું છે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના ઉદ્ઘાટન સમારોહ પહેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ભારત સરકારના રેલવે, સૂચના અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવના હસ્તે મહેસાણામાં આયોજિત VGRCમાં ટ્રેડ શૉ અને એક્ઝિબિશન ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ અવસરે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત ઉપસ્થિત રહ્યા હતા

કેન્દ્રીય મંત્રી શ્રી, મુખ્યમંત્રીશ્રી તેમજ અન્ય મહાનુભાવો VGRC પ્રદર્શનની મુલાકાત લીધી હતી. જ્યાં વિવિધ ક્ષેત્રોની અત્યાધુનિક નવીનતાઓ, ઉત્પાદનો અને ટેક્નોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ અને ટકાઉ આર્થિક વિકાસના વિઝનને આગળ વધારવા માટે ઈનોવેટર્સ, ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, MSMEs, સ્ટાર્ટઅપ્સ, વિદેશી ખરીદદારો, મોટી કંપનીઓ, સરકારી વિભાગો, PSUs અને વૈશ્વિક ભાગીદારોને એકસાથે લાવવાનો પ્રયાસ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લગભગ ૧૮ હજાર વર્ગ મીટરના વિશાળ પ્રદર્શન ક્ષેત્રમાં ટ્રેડ શૉનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા તેમજ નવીનીકરણીય ઊર્જા ક્ષેત્ર સાથે સંકળાયેલા ૪૦૦થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યાં છે.

આ સિવાય ટોરેન્ટ, વેલ્સપન, NHPC, NTPC, કોસોલ, સુઝલોન, અવાડા, નિરમા, INOX, અદાણી, મારુતિ સુઝુકી, પાવરગ્રીડ કૉર્પોરેશન લિમિટેડ અને ONGC જેવી અગ્રણી કોર્પોરેટ કંપનીઓ પણ જોડાઈ છે.

આ ઉપરાંત પ્રદર્શનના ભાગરૂપે, દૂધસાગર ડેરી, ONGC, વેસ્ટર્ન રેલ્વે અને મકેન ફૂડ્સ જેવી સંસ્થાઓ સાથે વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (VDP)નું આયોજન કરવામાં આવશે, જેનો હેતુ ઉદ્યોગ જોડાણોને મજબૂત બનાવવા અને સ્થાનિક ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' ની ભાવના સાથે, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સ્થાનિક ઉદ્યોગસાહસિકતા, ગ્રામ્ય સ્તરે નવીનતા અને સામુદાયિક વિકાસની શક્તિનો ઉત્સવ મનાવશે. આ આયોજન ક્ષેત્રીય સશક્તિકરણ, વૈશ્વિક સહયોગ અને ટકાઉ પ્રગતિને નવી ઊર્જા આપશે જેનાથી 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવાની દિશામાં વધુ મજબૂતી આવશે.

આ ટ્રેડ શૉ અને એક્ઝિબિશન ઉદ્ઘાટન પ્રસંગે ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ શ્રી મમતા વર્મા, એનર્જી વિભાગના એસીએસ શ્રી હૈદર, વિવિધ વિભાગોના સચિવશ્રીઓ જિલ્લા કલેક્ટર એસ.કે પ્રજાપતિ, તેમજ તેમજ રાજ્ય સરકારના વિભાગના અધિકારીઓ/ પદાધિકારીઓ તેમજ ઉદ્યોગપતિઓ અને રોકાણકારો ઉપસ્થિત રહ્યા હતા.

### મંત્રીશ્રીના હસ્તે કુલ રૂ. ૨૮ કરોડથી વધુના ખર્ચે ૧૮૬ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ-ખાતમુહૂર્ત તથા વ્હાલી દીકરી યોજનાના પોર્ટલનો શુભારંભ

## 'સહી પોષણ, દેશ રોશન'ના લક્ષ્યને સાર્થક કરતા 'પોષણ ઉત્સવ-૨૦૨૫'નો મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયાના હસ્તે ગાંધીનગરથી રાજ્યવ્યાપી શુભારંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહી પોષણ, દેશ રોશન'ના સૂત્રને સાકાર કરવા તથા વિકસિત ભારત @૨૦૪૭ના સ્વપ્નને સિદ્ધ કરવાના હેતુસર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં "પોષણ ઉત્સવ-૨૦૨૫"નો શુભારંભ કરવામાં આવ્યો છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયાએ પોષણ ઉત્સવનો ગાંધીનગર ખાતેથી રાજ્યવ્યાપી શુભારંભ કરાવતાં જણાવ્યું હતું કે, આજનું બાળક દેશનું ભવિષ્ય છે, તેમને પોષણયુક્ત સ્વસ્થ આહાર આપવો ખૂબ જ જરૂરી છે. તંદુરસ્ત બાળ, તંદુરસ્ત સમાજની સંકલ્પનાને સાકાર કરવા પોષણ અભિયાનનો લાભ સર્વે લાભાર્થી સુધી પહોંચે તે માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી રહ્યું છે. સ્વસ્થ શરીરથી સમૃદ્ધ સમાજના નિર્માણ માટે પોષણ એ પ્રથમ પગથીયું છે તેમ જણાવી સૌના ભવિષ્યને પોષણથી પ્રકાશિત કરવા મંત્રીશ્રીએ આહ્વાન કર્યું હતું.

મંત્રીશ્રીએ પોષણ ઉત્સવમાં શ્રેષ્ઠ રીતે સહભાગી થવા બદલ સૌને અભિનંદન પાઠવતાં કહ્યું હતું કે, પોષણ ઉત્સવ ૨૦૨૪માં ૩.૫૨ લાખ લાભાર્થીઓએ ભાગ લીધો હતો, જેની સામે આ વર્ષે પોષણ ઉત્સવ ૨૦૨૫માં ૫.૨ લાખ લાભાર્થીઓએ સહભાગી થયા છે. જે જન ભાગીદારીમાં આપસૌનો પોષણ પ્રત્યે ઉત્સાહ દર્શાવે છે. આ વર્ષે ૧૭ સપ્ટેમ્બરથી ૧૬ ઑક્ટોબર સુધી ઉજવાતા પોષણ માસ અંતર્ગત સ્થૂળતા અંગે જાગૃતિ, પ્રારંભિક બાળ સંભાળ, પુરુષોની સહભાગિતા અને 'વોકલ ફોર લોકલ'જેવા વિષયો પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

વડાપ્રધાનશ્રીના સફળ પ્રયાસો થકી દેશમાં માળખાગત સુવિધાઓને વેગ મળે તે માટે જુદી જુદી ટેક્નોલોજીની મદદથી આવાસનું નિર્માણ થઈ રહ્યું છે. જે અંતર્ગત આજે અંદાજિત કુલ રૂ. ૨૮.૮૨ કરોડના ખર્ચે ૧૮૬ જેટલા આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે તેમ મંત્રીશ્રીએ કહ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સશક્ત રાષ્ટ્ર કે રાજ્યના નિર્માણમાં મહિલાઓ અને બાળકોની ભૂમિકાની મહત્તાને ધ્યાનમાં રાખી અમારી સરકાર અવિરતપણે બાળકો, કિશોરીઓ અને મહિલાઓની દરકાર કરી રહી છે. મહિલાઓ તથા બાળકોના પોષણ અને વિકાસ માટે અનેક યોજનાઓનું સુયોગ્ય અમલીકરણથી સહી પોષણ, દેશ રોશનના અભિગમને સાર્થક કર્યો છે. ગુજરાત પોષણ વિકાસના દરેક માપદંડમાં સિદ્ધિ હાંસલ કરી હંમેશા અગ્રેસર રહ્યું છે.

પ્રાસંગિક ઉદ્બોધન કરતાં મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ શ્રી રાકેશ શંકરે જણાવ્યું હતું કે, પોષણ ઉત્સવ અંતર્ગત યોજાયેલી કામગીરી અંગે તમામ જિલ્લાના અધિકારીઓ કર્મચારીઓને માર્ગદર્શન આપી રાજ્યના છેવાડાના વિસ્તાર સુધી પોષણયુક્ત આહાર યોગ્ય રીતે પહોંચાડવા બદલ અધિકારીઓ કર્મચારીઓની ઉમદા કામગીરી કરવા માટે સચિવશ્રી અભિનંદન પાઠવ્યાં હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે વ્હાલી દીકરી યોજનાના પોર્ટલનો શુભારંભ, વિકાસ સપ્તાહ ફિલ્મનું નિદર્શન, ટેક હોમ રાશન અને મિલેટમાંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગી સ્પર્ધાના વિજેતા, ભૂલકા મેળો ૨૦૨૫ના વિજેતા અને પોષણ સંગમ કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર જિલ્લા અને મહાનગરપાલિકાનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કમિશનર શ્રી રણજીત કુમાર સિંહે આ પ્રસંગે સ્વાગત પ્રવચન અને પોષણ અભિયાનના મિશન ડિરેક્ટર શ્રી જિજ્ઞાસા પંડ્યાએ આભાર વિધિ કરી હતી.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મહિલા અને બાળ કલ્યાણના સમિતિના ચેરમેન શ્રી હેમાબેન ભટ્ટ, મહિલા કલ્યાણ નિયામક શ્રી પુષ્પા નિનામા, GSPCના પ્રતિનિધિ શ્રી ગૌતમ સાર્થક, ICDS પ્રભાગના અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ, યોજનાના લાભાર્થીઓ સહિત સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકો હાજર રહ્યાં હતાં.

- ઋચા રાવલ

## વિકાસ સપ્તાહ (ઉદ્યોગ સાહસિક દિવસ): ગુજરાત 'મેઈક ઈન ઈન્ડિયા' પહેલને વેગ આપવામાં અગ્રેસર, ૧૫ વર્ષમાં ઑટોમોબાઈલ મૅન્યુફેક્ચરિંગ ૨૨ ગણું વધ્યું

૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લઈને જાહેર સેવાની ઐતિહાસિક યાત્રાની શરૂઆત કરી હતી, જેને આ વર્ષે ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. ગુજરાતની આ વણથંભી વિકાસની ગાથા જનજનમાં ઉજાગર કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર ૭ થી ૧૫ ઓક્ટોબર સુધી રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરી રહી છે.

આ અંતર્ગત ૧૦ ઓક્ટોબરે 'ઉદ્યોગ સાહસિક દિવસ' મનાવવામાં આવશે, જે ગુજરાતના ઔદ્યોગિક કૌશલ્ય અને નવીનતાની ભાવનાને સમર્પિત છે. છેલ્લા ૨૪ વર્ષમાં વડાપ્રધાનશ્રીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાત દેશના ઔદ્યોગિક વિકાસ એન્જિન તરીકે ઉભરી આવ્યું છે. ખાસ તો, ૨૦૦૯માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે તેમના કાર્યકાળમાં ઑટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં શરૂ થયેલી વિવિધ પહેલોના પરિણામે ગુજરાત ભારતનું અગ્રણી ઑટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ હબ બની ગયું છે.

★છેલ્લાં ૧૫ વર્ષમાં ૨૪.૮૪%ના CAGR સાથે ગુજરાતે ઑટો સેક્ટરમાં ભરી હરણફાળ

ભારત સરકારના વાર્ષિક ઉદ્યોગ સર્વેક્ષણ (ASI) મુજબ, ગુજરાતમાં મોટર વ્હીકલ્સ, ટ્રેલર અને સેમી-ટ્રેલરનું ઉત્પાદન ૨૦૦૮-૦૯માં લગભગ રૂ.૩,૨૦૦ કરોડ હતું, જે ૨૦૨૨-૨૩માં ૨૨ ગણું વધીને રૂ.૭૧,૪૨૫ કરોડ નોંધાયું છે, જે અત્યારસુધીનું સૌથી વધુ ઉત્પાદન છે. આ સિદ્ધિએ ૨૪.૮૪%નો નોંધપાત્ર ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) નોંધાવ્યો છે, જે ઑટોમોબાઈલ ક્ષેત્રમાં ગુજરાતની સફળતાનો પુરાવો છે.

★'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ'થી ગુજરાતને મળી નવી ઉડાન, ૭ વર્ષમાં ૧૨ ગણી વૃદ્ધિ

૨૦૧૪માં શરૂ કરાયેલા મેઈક ઈન ઈન્ડિયાના વિઝનને ગુજરાતે અતૂટ પ્રતિબદ્ધતા સાથે સાકાર કર્યું છે. ૨૦૧૫-૧૬ અને ૨૦૨૨-૨૩ દરમિયાન ગુજરાતના મોટર વાહન, ટ્રેલર અને સેમી-ટ્રેલર ઉત્પાદન ક્ષેત્રમાં ૧૨ ગણી વૃદ્ધિ થઈ છે. આ સમયગાળા દરમિયાન મેન્યુફેક્ચરિંગ ઉત્પાદન રૂ.૫,૮૩૬ કરોડથી વધીને રૂ.૭૧,૪૨૫ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે, જે રાજ્યની ઔદ્યોગિક ક્ષમતા, રોકાણને અનુકૂળ વાતાવરણ અને મજબૂત ઔદ્યોગિક ઈકોસિસ્ટમ દર્શાવે છે.

★કોવિડ પછી ગુજરાતની ઑટો ઉદ્યોગમાં મજબૂત વાપસી, ઉત્પાદન બમણું થયું, ૧૦૯% વૃદ્ધિ

કોરોના મહામારી બાદ ગુજરાતે ઑટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં મજબૂત વાપસી કરતાં માત્ર બે વર્ષમાં બમણું ઉત્પાદન નોંધાવ્યું હતું. મોટર વાહન, ટ્રેલર અને સેમી-ટ્રેલર શ્રેણીના તાજેતરના આંકડા અનુસાર, ૨૦૨૦-૨૧ના કોવિડ-અસરગ્રસ્ત સમયગાળામાં ઉત્પાદન રૂ.૩૪,૧૦૭ કરોડ હતું, જે ૨૦૨૨-૨૩માં રૂ.૭૧,૪૨૫ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું, જે ૧૦૯%ની અભૂતપૂર્વ વૃદ્ધિ દર્શાવે છે.

★એક્સપોર્ટ પાવરહાઉસ બન્યું ગુજરાતઃ ૨૦૨૪-૨૫માં વિશ્વભરમાં રૂ.૧૩,૮૦૦ કરોડના મૂલ્યના ઑટો અને ઑટો કમ્પોનન્ટ્સની નિકાસ

ગુજરાતનું વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાન અને વિશ્વ કક્ષાના પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે વૈશ્વિક ઓટોમોબાઈલ નિકાસમાં તેની સ્થિતિ મજબૂત બની છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના DGCISના ડેટા અનુસાર, રાજ્યએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં લગભગ રૂ.૨,૬૨૮ કરોડના ઑટો કમ્પોનન્ટ્સ/પાર્ટ્સ અને રૂ.૧૧,૧૭૨ કરોડના મોટર વાહનો/કાર એમ કુલ રૂ.૧૩,૭૯૯.૭૯ કરોડની નિકાસ કરી હતી, જે પાછલા વર્ષની સરખામણીમાં ૩૧.૫૪%ની પ્રભાવશાળી વૃદ્ધિ દર્શાવે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતે દક્ષિણ આફ્રિકા, જાપાન, સાઉદી અરેબિયા, ચિલી, યુએઈ, મેક્સિકો અને કોલંબિયા સહિત ૧૦૨ દેશોમાં ૧,૭૭,૯૨૪ મોટર વાહનો/કારની નિકાસ કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૨,૭૬૪ કરોડના ઑટો કમ્પોનન્ટ્સ/પાર્ટ્સ અને રૂ.૮,૪૯૩ કરોડના વાહન નિકાસ થઈ હતી, તેની સરખામણીમાં આ વૃદ્ધિ દર્શાવે છે કે ગુજરાતની વૈશ્વિક ઑટો નિકાસ નવી ઊંચાઈએ પહોંચી છે.

★સાણંદ અને માંડલ-બેચરાજીઃ ગુજરાતના બે 'ઑટોમોટિવ હાર્ટલૅન્ડ'★

છેલ્લા દોઢ દાયકામાં ગુજરાતમાં ઑટોમોબાઈલ ઉત્પાદન, ઑટો કમ્પોનન્ટ્સ, લોજિસ્ટિક્સ અને રિસર્ચ-ડેવલપમેન્ટમાં નોંધપાત્ર વિકાસ થયો છે. સુઝુકી, ટાટા, હીરો કૉર્પ અને હોન્ડા જેવી કંપનીઓ સાથે સાણંદ અને માંડલ-બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (MBSIR) રાજ્યના મુખ્ય ઑટો હબ બન્યા છે. સાણંદમાં ટાટા મોટર્સ અને JBM જેવી અગ્રણી કંપનીઓ સાથે એક મજબૂત ઑટો કમ્પોનન્ટ ઈકોસિસ્ટમ છે, જ્યારે માંડલ-બેચરાજી તેની અત્યાધુનિક માળખાગત સુવિધાઓ અને નિકાસલક્ષી સુવિધાઓ સાથે આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સને આકર્ષિત કરી રહ્યું છે. આ કેન્દ્ર ગુજરાતને ભારતનું "ઑટોમોટિવ હાર્ટલૅન્ડ" બનાવવામાં અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના "મેક ઈન ઈન્ડિયા" અને "મેક ફોર ધ વર્લ્ડ" વિઝનને સાકાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

### સાહિત્ય માટે નોબેલ પુરસ્કારની જાહેરાત

## હંગેરિયન લેખક લાસ્ઝલો ક્રાસ્ઝનાહોરકાઈને મળશે એવોર્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ગુરુવારે (૯ ઓક્ટોબર, ૨૦૨૫) સ્વીડિશ એકેડેમીએ સાહિત્યમાં નોબેલ પુરસ્કારની જાહેરાત કરી. આ પુરસ્કારોની જાહેરાત સાંજે ૪:૩૦ વાગ્યે કરવામાં આવી. આ વર્ષે, હંગેરીના લાસ્ઝલો ક્રાસ્ઝનાહોરકાઈને સાહિત્યમાં નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આ પુરસ્કાર એવા લેખકોને ઓળખે છે જેમણે ઉત્કૃષ્ટ પુસ્તકો અથવા કવિતાઓ દ્વારા સાહિત્યમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.પુરસ્કારની જાહેરાત કરતા, સ્વીડિશ એકેડેમીએ જણાવ્યું હતું કે લાસ્ઝલો ક્રાસ્ઝનાહોરકાઈની કૃતિઓ ખૂબ પ્રભાવશાળી અને સ્વપ્રદ્રષ્ટા છે. તેઓ વિશ્વના વિનાશ અને ભય વચ્ચે પણ કલાની શક્તિનું પ્રદર્શન કરે છે. લાસ્ઝલો મધ્ય યુરોપિયન પરંપરામાં એક મહાકાવ્ય લેખક છે, જે કાફકાથી થોમસ બર્નહાર્ડ સુધી ફેલાયેલી છે, અને તેમાં ઉદાસીનતાની વિશિષ્ટતા છે.

તેમની પ્રથમ નવલકથા, સાતાન્તાન્ગો, ૧૯૮૫ માં પ્રકાશિત થઈ હતી અને તેમને હંગેરીમાં લેખક તરીકે સ્થાપિત કર્યા હતા. આ નવલકથા સામ્યવાદના પતન પહેલા, હંગેરિયન ગ્રામ્ય વિસ્તારમાં એક ઉજ્જડ ખેતરમાં રહેતા નિરાધાર રહેવાસીઓના જૂથ પર કેન્દ્રિત છે.

સમિતિએ જણાવ્યું હતું કે તેમના પુસ્તકો દાર્શનિક છે. તેઓ માનવતા, અરાજકતા અને આધુનિક સમાજના સંકટોને નિખાલસતાથી સંબોધે છે. એકંદરે, લાસ્ઝલો ઊંડાણપૂર્વક વિચાર-પ્રેરક, ઉદાસ વાર્તાઓ લખવા માટે પ્રખ્યાત છે. તેમના પુસ્તકો, "સાતાન્તાન્ગો" અને "ધ મેલાક્રોલી ઓફ રેઝિસ્ટન્સ" પરથી ફિલ્મો બનાવવામાં આવી છે. "ધ મેલાક્રોલી ઓફ રેઝિસ્ટન્સ" એક નાના ગામ અને તેના લોકોના મુશ્કેલ જીવનની આસપાસ ફરે છે, જે માનવ સ્વભાવની ખામીઓ અને ગુણોને સુંદર રીતે રજૂ કરે છે. "સાતાન્તાન્ગો" પર આધારિત સાત કલાકની ફિલ્મ પણ બનાવવામાં આવી હતી, જેની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### વન્યજીવ સંદર્ભે વિવિધ ૨૨ કાર્યક્રમોનું સફળ આયોજન

# ‘ગીર’ ફાઉન્ડેશન’ દ્વારા વન્યજીવ સપ્તાહની ઉજવણી: સપ્તાહ દરમિયાન ૧૦ હજારથી વધુ વન્યજીવ- પર્યાવરણપ્રેમીઓ સહભાગી થયા

‘ગીર’ ફાઉન્ડેશન- ગાંધીનગર દ્વારા તા. ૦૨ થી તા.૦૮ ઓક્ટોબર દરમિયાન વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર સપ્તાહ દરમિયાન ૧૦ હજારથી વધુ વન્યજીવ અને પર્યાવરણપ્રેમી-નાગરિકો ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તથા અરણ્ય ઉદ્યાનમાં ઉજવણીમાં સહભાગી થયા હતા. આ અભિયાન અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સપ્તાહ દરમિયાન મુલાકાતીઓને નિઃશૂલ્ક પ્રવેશ આપવામાં આવ્યો હતો તેમ ‘ગીર’ ફાઉન્ડેશન- ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

‘ગીર’ ફાઉન્ડેશન દ્વારા તા. ૦૮ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ વન્યજીવ સપ્તાહની ઉજવણીના અંતિમ કાર્યક્રમના ભાગરૂપે કોલેજના વિદ્યાર્થીઓ માટે માનવ-વન્યજીવ સહઅસ્તિત્વ અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમીનારમાં પ્રાસંગિક ઉદબોધન કરતા ’ગીર’ ફાઉન્ડેશનના નિયામક શ્રી બી.પી. પતીએ વન્યજીવ સંરક્ષણના ઈતિહાસ, વન્યજીવ સંરક્ષણ સાથે માનવોના સહઅસ્તિત્વ અંગે વિગતવાર સમજણ આપી હતી. આ ઉપરાંત વન્યપ્રાણીઓ દ્વારા અવારનવાર રસ્તો ઓળંગવા અથવા માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુની ઘટનાઓ અંગેની પ્રાથમિક માહિતી એકત્રિત કરવાના સર્વે અંગેના ગુગલ ફોર્મનું નિયામકશ્રી દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.

આ ગુગલ ફોર્મ વન્યપ્રાણી અકસ્માત, ખાસ કરીને સરિસૃપ, પક્ષીઓ અથવા નાના સસ્તન પ્રાણીઓના અકસ્માતો ઘણીવાર નોંધાયા વગર રહી જાય છે. જેના કારણે અકસ્માત પ્રભાવિત વિસ્તાર, અસરગ્રસ્ત જાતિઓ અને બનાવના અંગેની માહિતી મળતી નથી.

આ ફોર્મનો મુખ્યહેતુ આ પ્રકારની માહિતી એકત્રિત કરીને વન્યપ્રાણી અકસ્માતના કારણો સમજવા અને તેના અસરકારક નિવારણ પગલાં તૈયાર કરવાનો છે. જે શોધકાર્ય, નીતિગત નિર્ણયો અને વન્યજીવ સંરક્ષણ બાબતે મદદરૂપ બનશે. આ ગુગલ ફોર્મની લિંક https://docs.google.com/forms/d/e/1FAIpQLSeKX0pY_i22TH5UsUQ49xLwRgfakFyoeHGOdiMLuPkyarsYkA/viewform ‘ગીર’ ફાઉન્ડેશનની વેબસાઈટ https://geerfoundation.gujarat.gov.in and https://gswa-geer.gujarat.gov.in પર પણ ઉપલબ્ધ રહેશે એમ નિયામકશ્રીએ વધુમાં ઉમેર્યુ હતું.

વન્યજીવ સપ્તાહ દરમિયાન ‘ગીર’ ફાઉન્ડેશન દ્વારા ૨૨થી વધુ વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિ-કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકો, વિદ્યાર્થીઓ, વેટરનરી સાઈન્સના વિદ્યાર્થીઓ, હોમગાર્ડના જવાનો, પરિક્ષેત્ર વન અધિકારીની તાલીમ લઈ રહેલા વન અધિકારીઓ, બાળકો સહિત વડિલો મળીને કુલ ૨૫૦૦થી વધુ નાગરિકો વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ સપ્તાહ અંતર્ગત પ્રતિદિન વન્યજીવ આધારિત અલગ અલગ વિષયવસ્તુ જેમ કે, બિડાલ કુળના પ્રાણીઓ, શ્વાન કુળના પ્રાણીઓ, સરિસૃપો, પક્ષીઓ, ઉભયજીવીઓ અને કિટકો એમ વિવિધ વિષયો પર સોશિયલ મિડિયા અને ડિજિટલ મિડિયા દ્વારા લોકજાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે, વન્યજીવ સપ્તાહ દરમિયાન સ્વચ્છતા અભિયાન, પ્લાસ્ટિક વેસ્ટ અપસાઈક્લિંગ, ઈકો આર્ટ, માટીમાંથી વન્યજીવોના રમકડા બનાવવા, નિઃશૂલ્ક નિદાન કેમ્પ, વાઈલ્ડ લાઈફ ઓરિગામી, નેચર વોક, વન્યજીવને લગતા સેમિનાર, ઓફલાઈન ક્વિઝ તેમજ અવેરનેસ કાર્યક્રમ વગેરે જેવી પ્રવૃત્તિઓના માધ્યમથી નાગરિકોને વન્યજીવો પ્રત્યે સંવેદનશીલતા લાવવાનો ‘ગીર ફાઉન્ડેશન’ દ્વારા સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો.

- પ્રિન્સ ચાવલા

# રૂપીયા ૨ લાખમાં પીટીસીનો વેપલો: ૧ લાખ તો શિક્ષણ સચિવ મુકેશકુમાર સુધી પહોચે છે : ટ્રસ્ટીઓનો ચોંકાવનારો દાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની પીટીસી કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયાને લઈને ગંભીર ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાનો સનસનીખેજ આક્ષેપ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ કર્યો છે. તેમણે ખાસ કરીને અમદાવાદની દસ્ક્રોઈ વિસ્તારમાં આવેલી એક કોલેજને નિશાન બનાવીને આ સીટ વેપલાનો પર્દાફાશ કરવાનો દાવો કર્યો છે.



યુવરાજસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર અમદાવાદની દસ્ક્રોઈ સ્થિત કુશાગ્ર લતાબા સ્ત્રી મંદિર પીટીસી કોલેજ સામે સીધા આક્ષેપો મુકવામાં આવ્યા છે, આ પીટીસી સંસ્થામાં એડમીશન આપવાના નામે વિદ્યાર્થીઓ પાસેથી અંદાજે રૂપીયા ૨ લાખ સુધીની માતબર રકમની માંગણી કરવામાં આવી રહી છે. આ કૌભાંડમાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે કોલેજના ટ્રસ્ટીઓ દ્વારા ખુલ્લેઆમ એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ લાંચની રકમ છેક શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સુધી પહોચે છે. ટ્રસ્ટી વર્મા નામના વ્યકિતએ એવો પણ દાવો કર્યો છે કે ૧ લાખ રૂપીયા તો સીધા શિક્ષણ સચિવ મુકેશકુમાર સુધી પહોચે છે, આ ઉપરાંત લોકમાન્ય બીએડ કોલેજ, શીવરંજનીના ગૌરાંગ પરમાર સુધી પણ રકમ પહોચતી હોવાનો આક્ષેપ આ ટ્રસ્ટી દ્વારા કરવામાં આવ્યો છે. જો આ આક્ષેપો સાચા સાબિત થાય તો રાજયના શિક્ષણ વિભાગમાં ચાલતા ભ્રષ્ટાચારના મુળ કેટલા ઉંડા છે તે સ્પષ્ટ થાય છે.

ભ્રષ્ટાચારના આક્ષેપોની સાથે સાથે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે ઉત્તર બુનિયાદી વિદ્યાર્થીઓને પીટીસીમાં એડમીશન ન મળી શકે તેવો તુઘલખી નિર્ણય લેવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ કર્યો છે. જાડેજાએ સવાલ ઉઠાવ્યો છે કે પહેલા વિદ્યાર્થીઓને એડમીશન આપી દેવામાં આવે છે અને પછી અંતિમ સમયે ઉત્તર બુનીયાદીનુ બહાનુ કાઢીને તેમને પ્રવેશ થી વંચીત કરવામાં આવે છે. તેમણે સ્પષ્ટ પણે પુછ્યુ છે કે જો નિયમો બધા માટે સરખા છે તો માત્ર ઉત્તર બુનિયાદીમાંથી આવેલા વિદ્યાર્થીઓને જ શા માટે અન્યાય કરવામાં આવી રહ્યો છે ? આ સંપૂર્ણ મામલો હવે રાજયના શિક્ષણ જગતમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. સત્તાવાળાઓ આ આક્ષેપોની ગંભીરતાથી નોંધ લઈને નિષ્પક્ષ તપાસ કરાવે છે કે કેમ તે હવે જોવુ રહ્યું.

# રાજકોટ કમલમ કાર્યાલયના વેરાની આકારણી જ થઈ નથી : વિરોધ પક્ષે ફોડયો બોમ્બ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટના ૧૫૦ ફુટ રોડ નજીક બનેલા કમલમ કાર્યાલયને આજ દીન સુધી વેરા બીલ જ નહી અપાયાની કોંગ્રેસે ફરીયાદ કરી છે, અને આ માટે જવાબદાર અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવાની માંગ કરી છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યુ હતુ કે કોર્પોરેશન દ્વારા વેરા આકારણી કાર્પેટ એરીયા મુજબ કરવામાં આવી છે. દર વરસે વેરો ન ભરપાઈ કરે તેવા મિલ્કત આસામીઓ સામે ૧૮ ટકા જેવુ તોતીંગ વ્યાજ પણ વસુલવામાં આવે છે. વેરો ભરપાઈ ન કરે તો સીલીંગ ઝુંબેશ કરવામાં પણ આવે છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે વોર્ડ નં. ૨ માં શિતલ પાર્કમાં આવેલ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના હસ્તે કમલમ કાર્યાલય તા. ૨૩/૧૦/૨૦૨૨ ના રોજ કાર્યરત કરવા છતાં આજદીન સુધી આ ભાજપ કાર્યાલયને વેરા બીલ આપવામાં જ નથી આવ્યુ એવુ જાણવા મળે છે. તો આ અંગે જો વેરા બીલની આકારણી થઈ હોય તો મિલ્કત વેરા આકારણીના નંબર જાહેર કરવા જોઈએ. ટીપીની શાખા, બાંધકામ પરવાનગી પ્લાન કોમ્પ્યુટેશન તમામ ડોકયુમેન્ટ તૈયાર થઈ ફાઈલ બને ત્યારબાદ વેરા વસુલાત શાખામાં આકારણી થાય છે. પરંતુ કમલમ કાર્યાલયમાં આ પ્રકારની કોઈ કામગીરી થઈ નથી જેથી ટીપી શાખા, બાંધકામ શાખા, વેરા વસુલાત શાખા આ તમામ શાખા અધિકારીની જવાબદારી ફીકસ થાય છે. વેરા બીલની બે વરસ સુધી આકારણી જ થઈ નથી. અંદાજે ૨૩૦૦ વાર ની જગ્યામાં આશરે ૬૫ હજાર ચો.ફુટ બાંધકામ કરવામાં આવ્યુ છે તો તાત્કાલીક આ કાર્યાલયની આકારણી કરી છેલ્લા બે વરસના વેરા બીલ અને એના પર લાગેલ ૧૮ ટકા વ્યાજ સાથે વસુલવા અને વેરા બીલ માટે કયા કારણોસર કમલમ કાર્યાલયને બાકાત રાખવામાં આવેલ છે તેની સ્પષ્ટતા કરવા અને આ બાબત જો સત્ય હોય તો જવાબદાર અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી કરવા કોંગ્રેસે માંગ કરી છે.

### રાજયના કલેકટરો પાસેથી મતદાન મથક અને ઈવીએમની જરૂરીયાતની માહિતી મંગાવાઈ

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીની તૈયારી શરૂ: ચુંટણીપંચે નવા ૫૦ હજાર ઈવીએમનો ઓર્ડર આપ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં પાલિકા અને પંચાયતોની ચુંટણીઓ સમયસર થાય તો મતદાન ગયા વખતે વર્ષ ૨૦૨૧ ની જેમ ચાલુ વરસે પણ ફેબ્રુઆરી ૨૦૨૬ માં આવવા પાત્ર છે. ચુંટણીપંચે અત્યારે સમયસર ચુંટણી યોજવાની ગણતરી સાથે તૈયારી શરૂ કરી છે, કોઈ ધાર્યા કે અણધાર્યા કારણસર ચુંટણી વહેલી મોડી થવાનો વિકલ્પ ખુલ્લો છે,



જાણવા મળેલ માહિતી મુજબ રાજય ચુંટણીપંચ દ્વારા રાજયના દરેક કલેકટરો પાસેથી મતદાન મથક, ઈવીએમ મશીનની જરૂરીયાત વગેરે અંગે માહિતી મંગાવવામાં આવેલ ચુંટણીમાં જરૂરીયાત કરતા વધુ ઈવીએમ તૈયાર રાખવામાં આવે છે. ૭૦ થી ૭૫ હજાર ઈવીએમની જરૂરીયાતને અનુલક્ષીને નવા અડધા લાખ થી વધુ ઈવીએમ ખરીદવાનો ઓર્ડર આપવામાં આવ્યો છે. પંચાયતોની ચુંટણીમાં મતદારે એક જ મત આપવાનો હોય છે. નગરપાલિકા અને મહાનગરપાલિકામાં વોર્ડ દીઠ ૪-૪ બેઠકો હોવાથી દરેક મતદારને ૪ મત આપવાનો અધિકાર મળે છે, શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ઈવીએમ મશીન જુદી જુદી સિસ્ટમના હોય છે, જાન્યુઆરીમાં ઈવીએમનુ ફર્સ્ટ લેવલ ચેકીંગ થાય તેવા સંજોગો છે, ગુજરાતમાં નવી રચાયેલ ૯ મહાનગરપાલિકાઓ અને ૧૭ તાલુકા પંચાયતોની ચુંટણી પણ અન્ય ચુંટણીઓ સાથે થઈ જાય તેવી શકયતા છે. નવી તાલુકા પંચાયતોમાં બેઠકોની સંખ્યા અને સીમાંકનની કાર્યવાહી ટુંક સમયમાં શરૂ થશે.

# વિદેશી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને રાજદૂતોના પ્રતિભાવો

વર્લ્ડ બૅંકના દક્ષિણ એશિયા પ્રદેશના વાઈસ પ્રેસિડન્ટ શ્રી જોહાનેસ ઝૂટે (Mr. Johannes Zutt ) જણાવ્યું હતું કે આજે સમગ્ર વિશ્વે ગુજરાતના અદ્ભુત આર્થિક વિકાસની નોંધ લીધી છે. ગુજરાતે બહુ ઝડપથી વિકાસ કરીને બતાવ્યું છે કે, મજબૂત ઉદ્યોગો, ઉદ્યોગસાહસિકતાની ભાવના કેવી રીતે માત્ર રાજ્ય કે દેશની જ નહીં, પરંતુ આખા વિશ્વનું આર્થિક ચિત્ર બદલી શકે છે. ગુજરાત ભારતની નિકાસનું પ્રવેશદ્વાર છે. વર્લ્ડ બૅંકને ગુજરાત સાથેની ભાગીદારી દ્વારા પરસ્પર મૂલ્યવાન અનુભવો, પબ્લિક ફાઈનાન્સ અને નૉલેજ શૅર કરવાનો આનંદ છે એમ તેમણે ઉમેર્યું હતું.

જાપાનના રાજદૂત મહામહિમ શ્રી કેઈચી ઓનોએ (H.E. Mr. Keiichi Ono) ગુજરાત અને જાપાન વચ્ચેના ગાઢ સંબંધોની વાત કરી જણાવ્યું હતું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની તાજેતરની જાપાન મુલાકાતે વ્યૂહાત્મક ભાગીદારીમાં એક સુવર્ણ પ્રકરણનો આરંભ કર્યો છે.

વાઈબ્રન્ટ ગુજરાત સાથે જાપાનનું જોડાણ લાંબા સમયથી ચાલ્યું આવે છે. જાપાન વાઈબ્રન્ટ ગુજરાતનું પાર્ટનર રહ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જાપાન અને ગુજરાત વચ્ચે સહયોગના ચાર મુખ્ય ક્ષેત્રો- ઓટોમોબાઈલ, સેમિકન્ડક્ટર, ક્લિન એનર્જી અને હ્યુમન એક્સચેન્જ- છે, જે ખરેખર ’મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ અને મેક ફ્રોમ ગુજરાત’ની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

વિયેતનામના રાજદૂત મહામહિમ શ્રી ન્ગુયેન થાન હાઈએ (H.E. Mr. Nguyen Thanh Hai, Ambassador extraordinary and plenipotentiary, Embassy of the Socialist Republic of Vietnam in India [Partner Country]) જણાવ્યું કે, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં મને વિયેતનામનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી છે એ ગૌરવપૂર્ણ ક્ષણ છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ આજે ભારતની આર્થિક ગતિશીલતાનું પ્રતીક બનવા સાથે વિશ્વભરની બિઝનેસ કોમ્યુનિટીઝને એક મંચ પર લાવતી એક મહત્વપૂર્ણ ઈવેન્ટ બની છે. વિયેતનામે સતત મજબૂતીથી વાઈબ્રન્ટ ગુજરાતના પાર્ટનર કન્ટ્રી તરીકે સહયોગ કર્યો છે. ભારત અને ખાસ કરીને ગુજરાત વિયેતનામના લોકોના હૃદયમાં એક ખાસ જગ્યા ધરાવે છે.

★રાજયના જાણીતા ઉદ્યોગકારોના પ્રતિભાવો

ટોરેન્ટ પાવરના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી જીનલ મહેતાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ વિકસિત ભારત માટે અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે વાઈબ્રન્ટ ગુજરાત જેવા કાર્યક્રમો રોકાણના અવસર પૂરતા સીમિત ન રહીને ગુજરાતની પ્રગતિ, ઔદ્યોગિક ઉર્જા અને સાહસિકતાના પ્રતીક બન્યા છે.

આ અવસરે શ્રી જીનલ મહેતાએ ટોરેન્ટ પાવર દ્વારા કરવામાં આવેલ રૂ.૧૯ હજાર કરોડના MOUની જાહેરાત કરતા જણાવ્યું હતું કે આ રોકાણ ગુજરાતમાં વીજ ક્ષેત્રના વિકાસને નવી દિશા આપશે, નવી રોજગાર તકો ઊભી કરશે અને ટકાઉ ઉર્જા તરફનો માર્ગ વધુ મજબૂત બનાવશે.

અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના સીઈઓ શ્રી કરણ અદાણીએ જણાવ્યું હતું કે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ આજે રોકાણકારો માટે ’ગોલ્ડ સ્ટાન્ડર્ડ’ બની ગઈ છે. આ સમિટની ભવ્ય સફળતા ભારતનો આર્થિક આત્મવિશ્વાસ, સાહસિક ઊર્જા અને વૈશ્વિક ભાગીદારીની ભાવના દર્શાવે છે. શ્રી કરણ અદાણીએ જણાવ્યું હતું કે અદાણી ગ્રૂપે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં રૂપિયા ૨ લાખ કરોડનું રોકાણ કર્યું છે અને ભવિષ્યમાં ગુજરાત હંમેશા તેમના રોકાણોનું કેન્દ્રબિંદુ રહેશે.

અદાણી ગ્રૂપની કંપની, અદાણી ગ્રીન એનર્જી દ્વારા ગુજરાતના ખાવડા ખાતે ટૂંક સમયમાં જ ૩૦,૦૦૦ મેગાવોટની ક્ષમતા સાથે વિશ્વની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી સુવિધાનું નિર્માણ થઈ રહ્યું છે એ વાતનો ઉલ્લેખ કરીને શ્રી કરણ અદાણીએ જણાવ્યું હતું કે ગુજરાત ભારતના એનર્જી ટ્રાન્સિશનનું નેતૃત્વ કરી રહ્યું છે. અદાણી ગ્રૂપ સૌર, પવન, કોપર, ગ્રીન હાઈડ્રોજનમાં ઉત્પાદન ઈકોસિસ્ટમ બનાવી રહ્યું છે, જેથી ભારતનું ગ્રીન એનર્જી સેક્ટર ખરા અર્થમાં ’આત્મનિર્ભર’ બની શકે.

ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી ગણપત પટેલે તેમની સંસ્થામાં રિજનલ કોન્ફરન્સના આયોજનને ગૌરવપૂર્ણ ગણાવતા જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ થકી દેશ-વિદેશના ઉદ્યોગકારો અને રોકાણકારોને ગુજરાતમાં લાવવામાં સફળ થયા હતા. આ સમિટે સમગ્ર વિશ્વમાં ધંધાકીય ક્ષેત્રે ગુજરાતનું નામ ગૌરવવંતુ કર્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના માનવી સુધી વિકાસના લાભો પહોંચાડયા એમ તેમણે ઉમેર્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાતની સફળ યાત્રા શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ અને વિઝનરી લીડરશીપને આભારી છે એમ જણાવીને શ્રી ગણપત પટેલે ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રીની કાર્યપ્રણાલીને આજે સમગ્ર વિશ્વ અનુસરે છે.પોતાના ઉદબોધનમાં શ્રી ગણપત પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથેના પોતાના સંવાદો અને સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે ગુજરાત આજે દરેક ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે.

### શહેરીજનો નયનરમ્ય લાઈટિંગનો નજારો જોઈ અભિભૂત

# "વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત" કેપિટલ સિટી ગાંધીનગર રોશનીથી ઝળહળી ઉઠ્યું"

### ગુજરાત વિધાનસભા, સચિવાલય, મહાત્મા મંદિર, સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન સહિત વિવિધ સરકારી ઈમારતો શણગારાઈ






વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અત્યાર સુધીની ૨૪ વર્ષની સંકલ્પ સિદ્ધિની ગાથા જનજનમાં ઉજાગર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ભરમાં તા. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉમંગભેર ઉજવણીનો શુભારંભ થયો છે. આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન વધુને વધુ નાગરિકો સહભાગી થાય તેવા હેતુ સાથે વહિવટી તંત્રના સંકલનમાં રહીને વિવિધલક્ષી કાર્યક્રમો રાજ્યભરમાં યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત રાજ્યના વિવિધ મહત્વપૂર્ણ સ્થળોનું સુશોભન અને કલરફૂલ લાઈટીંગ કરવામાં આવ્યું છે.

જનભાગીદારીથી યોજાનાર વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ગાંધીનગરની વિવિધ સરકારી ઈમારતો આકર્ષક રોશનીથી શણગારવામાં આવી છે, જેમાં ગુજરાત વિધાનસભા, સચિવાલય, મહાત્મા મંદિર- દાંડી બ્રિજ,સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન સહિત વિવિધ ઈમારતો પર રંગબેરંગી નયનરમ્ય લાઈટિંગ કરવામાં આવી છે. ગાંધીનગરના વિવિધ સ્થળોને અદ્ભૂત અને આંખોને આંજી દેતી મનમોહક લાગતી રોશનીથી સજાવવામાં આવ્યા છે. સાથેસાથે આગામી દિવાળીના તહેવારોને ધ્યાને લઈને શૉપિગ ફેસ્ટીવલનું આયોજન કરાયુ છે, જેમાં કુડાસણ આઈ કોનિક રોડ સહિત અન્ય વિસ્તારોમાં પણ નયનરમ્ય રોશની કરવામાં આવી છે.આ નજારો જોઈ શહેરીજનોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

# રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કામકાજની મુલાકાત લીધી

કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે અમદાવાદના સાબરમતી ખાતે મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટના મુખ્ય બાંધકામ સ્થળોની મુલાકાત લીધી. મંત્રીએ સાબરમતી હાઈ સ્પીડ રેલ (HSR) સ્ટેશન, HSR મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ અને રોલિંગ સ્ટોક ડેપો પર ચાલી રહેલા કામોની સમીક્ષા કરી.



સાબરમતી HSR સ્ટેશન: મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરનું ટર્મિનલ સ્ટેશન સાબરમતી આશ્રમ ખાતે મહાત્મા ગાંધીના ચરખાથી પ્રેરિત છે. આ સ્ટેશન ૪૫,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં બનાવવામાં આવી રહ્યું છે. રેલવે મંત્રીએ બુલેટ ટ્રેનના ટર્મિનલ સ્ટેશનની મુલાકાત લીધી છે.

ગ્રાઉન્ડ લેવલ, પહેલો માળ, બીજો માળ જે બુલેટ ટ્રેનના મુસાફરો માટે છત પ્લાઝા છે અને પ્લેટફોર્મ ફ્લોરનું માળખાકીય કાર્ય પૂર્ણ થઈ ગયું છે. એટલે કે ટ્રેક ફ્લોર સુધીનું માળખાકીય કાર્ય પૂર્ણ થઈ ગયું છે. આંતરિક અને MEP કામો પ્રગતિમાં છે. આ સ્ટેશન વિશ્વ કક્ષાની મુસાફરોની સુવિધાઓ - વેઈટિંગ લાઉન્જ, રેસ્ટ રૂમ, નર્સરી, રિટેલ અને કોમર્શિયલ જગ્યાઓ - પ્રદાન કરશે અને હાલના રેલ્વે, મેટ્રો અને BRTS નેટવર્ક સાથે સરળતાથી જોડાયેલ હશે.

સાબરમતી HSR મલ્ટિમોડલ હબ: તેને એક અત્યાધુનિક સુવિધા તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે જે HSR સ્ટેશન, સાબરમતી રેલ્વે સ્ટેશન, મેટ્રો અને BRTS વચ્ચે સરળ જોડાણ સુનિશ્ચિત કરે છે. હબ બિલ્ડિંગનું તમામ કામ પૂર્ણ થયું છે. મેટ્રો, BRTS, મેટ્રો અને બુલેટ ટ્રેન સાબરમતી ટર્મિનલ સ્ટેશનથી ૧૦ મીટર સ્કાય વોક દ્વારા કનેક્ટિવિટી પણ પૂર્ણ થઈ ગઈ છે. ઈમારતની આગળની દિવાલ દાંડી માર્ચનું સ્ટેનલેસ-સ્ટીલ ભીંતચિત્ર દર્શાવે છે, જે સાબરમતીના ઐતિહાસિક વારસાને માન આપે છે. હબમાં ઓફિસ સ્પેસ, હોટેલ સુવિધાઓ અને રિટેલ આઉટલેટ્સ અને રેસ્ટોરન્ટ જેવી મુસાફરોની સુવિધાઓનો સમાવેશ થાય છે. તે લગભગ ૧,૨૦૦ વાહનો માટે પાર્કિંગથી સજ્જ છે. હબમાં સોલાર પેનલ્સ, લેન્ડસ્કેપ્ડ ટેરેસ અને ઉર્જા-કાર્યક્ષમ સિસ્ટમ્સ સહિત વ્યાપક ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ છે.

સાબરમતી HSR રોલિંગ સ્ટોક ડેપો: તે પ્રોજેક્ટ હેઠળ બાંધવામાં આવી રહેલા ત્રણ ડેપોમાંથી સૌથી મોટું છે. આ હબ ૮૪ હેક્ટરમાં ફેલાયેલું છે. આ હબ નિરીક્ષણ, સ્ટેબલિંગ અને વર્કશોપ લાઈન સાથે ટ્રેનસેટના હળવા અને ભારે જાળવણીને ટેકો આપશે.

વહીવટી ઈમારત, નિરીક્ષણ શેડ અને ઉપયોગિતાઓ અને ટ્રેક માટે માળખાગત સુવિધાઓનું બાંધકામ ઝડપથી ચાલી રહ્યું છે. ડેપો પર્યાવરણીય ટકાઉપણું ધોરણોનું પાલન કરશે. તેમાં વરસાદી પાણીનો સંગ્રહ, સૌર જોગવાઈઓ અને શૂન્ય પ્રવાહી સ્રાવ શુદ્ધિકરણ પ્રણાલીઓ હશે.


મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પ્રગતિ: ૫૦૮ કિમીમાંથી, ૩૨૫ કિમી વાયડક્ટ અને ૪૦૦ કિમી પિયર કામ પૂર્ણ થઈ ગયું છે. ૧૭ નદી પુલ, ૫ પીએસસી પુલ અને ૧૦ સ્ટીલ પુલ પણ પૂર્ણ થઈ ગયા છે. ૨૧૬ કિમી ટ્રેક બેડ નાખવામાં આવ્યો છે. ટ્રેક બેડ પર ૪ લાખથી વધુ અવાજ અવરોધો સ્થાપિત કરવામાં આવ્યા છે. ગુજરાતના તમામ સ્ટેશનો પર કામ અદ્યતન તબક્કામાં છે. મુંબઈ ભૂગર્ભ વિભાગમાં ઝડપી પ્રગતિ થઈ રહી છે. રેલવે મંત્રીએ કામની ગતિની પ્રશંસા કરી અને ભાર મૂક્યો કે પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થવા માટે ટ્રેક પર છે. તેમણે ટિપ્પણી કરી કે દેશનો પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના વિશ્વ કક્ષાના માળખાગત સુવિધા અને ’૨૦૪૭માં વિકાસ ભારત’ માટેના વિઝનનું પ્રતિનિધિત્વ કરે છે.

### વડોદરા રોડ શો કાર્યક્રમમાં ૨ હજાર થી વધુ કાર્યકરો ટુ વ્હીલર પર રોડ શો માં જોડાશે

# આજથી ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનો પ્રવાસ શરૂઃ ૧૪ ઓકટોબરે વડોદરામાં વિશ્વકર્માનો યોજાશે રોડ શો

પ્રતિનિધિ,ગાંધીનગર

જગદીશ વિશ્વકર્માની ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે પસંદગી થયા બાદ તેમણે આજે તા. ૧૦ ઓકટોબર થી ગુજરાતના ૪ ઝોનમાં પ્રવાસ કરવાનુ નકકી કર્યુ છે. તેમણે સુરત, વડોદરા અને રાજકોટ સહિત અનેક શહેરોની મુલાકાત લેવાનુ નકકી કર્યુ છે.



આગામી તા. ૧૪ ઓકટોબરે તેઓ સીઆર પાટીલની જેમ વડોદરામાં પણ રોડ શો કરશે જેમાં ટુ વ્હીલર પર ૨ હજાર થી વધુ કાર્યકરો જોડાશે, બે રોડ મેપ તૈયાર કરવામાં આવ્યા છે. જગદીશ વિશ્વકર્માની પાંચમી ઓકટોબરે ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ તેમણે સુરત, વડોદરા અને રાજકોટ સહિત અનેક શહેરોમાં કાર્યકરો સાથે બેઠકોનુ આયોજન કર્યુ છે. તેઓ ૧૪ મી ઓકટોબરે વડોદરા પહોચશે. પ્રાથમિક માહિતી પ્રમાણે તેઓ ફકત વડોદરામાં જ રોડ શો કરશે, રોડ શો ની શરૂઆતમાં મહિલા મોરચા દ્વારા તેમનુ સ્વાગત કરવામાં આવશે. રોડ શો બાદ તેઓ શહેરના કારેલીબાગ અંબાલાલ પાર્ક મેદાનમાં કાર્યકરોને સંબોધીત કરશે. નોંધનીય છે કે ડીસેમ્બરમાં મ્યુનીસીપલ કોર્પોરેશનની ચુંટણીઓ જાહેર થવાની શકયતા છે. દિવાળી અગાઉ આ કાર્યક્રમ યોજવાનુ નકકી થયુ હોવાનુ જાણવા મળ્યુ છે. જેથી કાર્યકરો સાથે મુલાકાત કરી શકાય અને તમામ શહેરોની પરીસ્થિતિની સમજ મેળવી શકાય, પ્રદેશ ભાજપ પદાધિકારીઓની એક ટીમ આજે ગુરૂવાર વડોદરા પહોચશે. જેમાં શહેર સંગઠન ટીમ પણ સામેલ થશે. જે કાર્યક્રમ માટે રોડ મેપ તૈયાર કરશે. જેમાં રોડ શો કાર્યક્રમોનો સમાવેશ થશે. રૂટ ને કેસરી રંગ થી શણગારવામાં આવશે,

જેમાં ૧૦ હજાર કાર્યકરોને જોડવાનુ લક્ષાંક નકકી કરવામાં આવ્યો છે. જગદીશ વિશ્વકર્મા આવતા મંગળવારે વડોદરા પહોચશે. શહેર ભાજપે આ માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. વિશ્વસનીય સુત્રોના કહેવા પ્રમાણે જો જગદીશ વિશ્વકર્મા રોડ માર્ગે આવશે તો તેમના માટે સમા સાવલી રોડ થી કારેલી બાગ અંબાલાલ પાર્ક સુધી રોડ શો નુ આયોજન કરવામાં આવ્યુ છે. જો તેઓ વિમાન માર્ગે આવશે તો તેમનુ એરપોર્ટ ગેટ પર ભવ્યાતી ભવ્ય સ્વાગત કરવામાં આવશે અને રોડ શો નુ આયોજન કરવામાં આવશે. ભાજપ સંગઠન દ્વારા આયોજીત રૂટ ને કેસરી રંગથી શણગારવામાં આવશે.

વધુમાં એવુ પણ જાણવા મળ્યુ છે કે રોડ શો અને કાર્યકર્તા સંમેલનમાં ૧૦ હજાર થી વધુ કાર્યકરોને સામેલ કરવાનુ નકકી કરવામાં આવ્યુ છે. એવુ પણ જાણવા મળ્યુ છે કે નવ નિયુકત પ્રદેશ પ્રમુખનુ સ્વાગત કરવા માટે વિવિધ સ્થળોએ કાર્યકરો હાજર રહેશે.

નોંધનીય છે કે નજીકના ભવિષ્યમાં નગરપાલિકાની ચુંટણીઓ યોજાવવાની છે. તે પહેલા નવા પ્રદેશ પ્રમુખની ચુંટણી પછી કાર્યકરો સભા યોજશે અને તેમને ફરીથી ઉર્જાવાન બનાવવાનો પ્રયાસ કરશે. જેથી તેઓ નગરપાલિકાની ચુંટણીઓમાં સારૂ પ્રદર્શન કરી શકે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રોડ શો માં ભાગ લે તેવી શકયતા છે. દિવાળી અને નવા વરસ પહેલા જગદીશ વિશ્વકર્મા કાર્યકરોને સંબોધીત કરશે. તે અગાઉ યોજાનારા રોડ શો માં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ભાગ લે તેવી શકયતા છે. જો કે ગુરૂવારે રાજય સંગઠનના અધિકારીઓની ટીમ સાથેની બેઠક બાદ નિર્ણય લેવામાં આવશે. આ રોડ શો માં કોણ ભાગ લે શે તેની સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ નથી.

# ગૃહમંત્રી હર્ષ સંઘવીના શહેર સુરતના ઉધનાના પટેલનગરમાં ડબલ મર્ડર : બનેવીએ સાળા અને સાળીની કરી હત્યા : સાસુની હાલત ગંભીર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગૃહમંત્રી હર્ષ સંઘવીના શહેર સુરતમાં ફરી એકવાર ડબલ મર્ડરનો મામલો સામે આવ્યો છે. ઉધના પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોડી રાત્રે ખુની ખેલ ખેલાયો હતો. જયાં એક વ્યકિતએ તેની સાળી, સાળા અને સાસુ પર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં સાળા અને સાળીનુ મોત થયુ હતું. જયારે સાસુ ની હાલત ગંભીર હોવાનુ જાણવા મળે છે, મૃતક ભાઈ અને બહેન ૪ દિવસ અગાઉ જ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજથી તેમની માતા સાથે સુરત આવ્યા હતા. ભાઈના લગ્ન માટે કપડા ખરીદવા માટે તેઓ સુરત આવ્યા હતા.



પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ છે કે ડબલ મર્ડર કરનારા સંદિપ તેની સાળી સાથે લગ્ન કરવા માંગતો હતો. આ જીદને કારણે તેણે તેની સાસુ, સાળી અને સાળા પર હુમલો કર્યો હતો. જેમાં સાળી અને સાળા બંનેનુ મોત નિપજયુ હતું. સુરતના ઉધના પોલીસ સ્ટેશને કેસ નોંધીને હત્યારાની શોધખોળ શરૂ કરી છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ સુરત શહેરના પટેલનગર વિસ્તારમાં આવેલી સાંઈ જલારામ સોસાયટીમાં ગઈ કાલે બુધવારે મોડી રાત્રે એક ઘરમાં ખુની ખેલ ખેલાયો હતો. ઘટનાની જાણ થતા નજીકના રહેવાસીઓ ચોકી ઉઠયા હતા. પત્ની અને બાળકો સાથે ત્યા રહેતા ૩૪ વર્ષીય સંદિપ ઘનશ્યામ ગૌડે ડબલ મર્ડર કરી નાખ્યા હતા. સંદિપ આ ઘરમાં તેની પત્ની વર્ષા ગૌડ અને ૩ બાળકો સાથે રહેતો હતો. સંદિપનો સાળો નિશ્ચય અશોક કશ્યપ, તેની બહેન મમતા કશ્યપ અને માતા શંકુતલા દેવી સાથે ૪ ઓકટોબર ૨૦૨૫ ના રોજ પ્રયાગરાજથી સુરત આવ્યા હતા, જેથી તે તેના ભાઈના લગ્ન માટે કપડા ખરીદી શકે, કશ્યપ પરીવારને ખ્યાલ ન હતો કે સુરતમાં લગ્ન માટે કપડા ખરીદવાથી તેમનુ મોત થઈ જશે.

બુધવારે મોડી રાત્રે જયારે બધા સાંઈ જલારામ સોસાયટીમાં એક જ ઘરમાં હાજર હતા ત્યારે ત્યાં રહેતા સંદિપ ગૌડે તેની સાળી સાથે લગ્ન કરવાની ઈચ્છા સાળા અને સાસુ સાથે વાત કરી હતી. સંદિપની ઈચ્છા સાંભળીને ઘરના બધા ચોકી ઉઠયા હતા. આનાથી કૌટુંબિક દલીલ શરૂ થઈ જે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. પરીણામે આ સમય દરમિયાન સંદિપ ગૌડે તેના સાળા નિશ્ચય કશ્યપ , સાળી મમતા કશ્યપ અને સાસુ શંકુતલા દેવી પર છરી વડે હુમલો કરવાનુ શરૂ કર્યુ હતું. આ હુમલામાં સંદિપના સાળા અને સાળી નુ ઘટનાસ્થળે જ મોત નિપજયુ હતું. તેની સાસુ ઘાયલ થઈ ગઈ હતી જેથી તેમને વધુ સારવાર અર્થે હોસ્પીટલ લઈ જવામાં આવી હતી. જયાં તેણી સારવાર લઈ રહી છે.

ડબલ મર્ડરની માહિતી મળતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ અને મૃતક ભાઈ બહેનોના મૃતદેહને કસ્ટડીમાં લીધા હતા અને પોસ્ટમોર્ટમ માટે હોસ્પીટલમાં મોકલી આપ્યા હતા. સુરત પોલીસના ડીસીપી ડો. કાનન દેસાઈ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. સંદિપ ગૌડનો તેની સાળી સાથે લગ્નને લઈને ઝઘડો થયો હતો. જેના કારણે તેના સાળા અને સાળીની હત્યા થઈ હતી. જયારે તેની સાસુને સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી છે.

# કચ્છના ખેડુતોએ સરકાર સામે બાંયો ચડાવી : હવે કચ્છના દરેક ગામડાઓમાં ભાજપના કાર્યક્રમનો થશે વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભારતીય કિસાન સંઘ કચ્છ દ્વારા આજે પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં ૯ જેટલી વિવિધ માંગોને તાત્કાલીક નિવારણ માટે રાજય સરકારને અલ્ટીમેટમ આપવામાં આવ્યુ છે અને આગામી તા. ૧૬ ઓકટોબર થી કિસાન અધિકાર જન જાગૃતિ અભિયાનના નેજા હેઠળ આ લડત શરૂ કરશે.




કચ્છ જિલ્લામાંથી વિવિધ કંપનીઓ દ્વારા હેવી વીજ ટાવર લાઈનો ખેડુતોની માલીકીની જમીનમાંથી પસાર કરવામાં આવી રહી છે. ત્યારે ખેડુતોને કોઈપણ જાતનો વિશ્વાસ આપ્યા વગર ભારે મશીનો ઉભા પાકમાં નાખવામાં આવે છે અને પોલીસનો ડર બતાવીને કામ કરવામાં આવે છે અને કોઈપણ જાતની વળતર નકકી કર્યા વગર કલેકટરના હુકમને આગળ ધરીને જંત્રી મુજબનો વળતર બતાવવામાં આવે છે. ત્યારે ખેડુતોની માંગણી છે કે ખેડુતોને બજાર કિંમત મુજબ વળતર ચુકવવુ જોઈએ. ઉપરાંત નર્મદાના વધારાના એક મીલીયન એકર ફુટ પાણી ૨૦૦૬ માં સૈધ્ધાંતિક મંજુરી આપેલ ત્યારબાદ અનેક વખત રજુઆતો કરવામાં આવી ત્યારે ૪ લીંક કેનાલની વહિવટી મંજુરી આપવામાં આવી અને હાલ તે કામ ગોકળ ગતિએ ચાલુ છે. તેમાં ગતિ લાવવામાં આવે તે પણ જરૂરી છે. તો સાથે જ અમુક વીજ ફીડરોમાં સ્કાય યોજના અમલમાં આવી તેમાં કૌશલ કંપની દ્વારા કામ કરવામાં આવેલ છે. તેનુ કામ તદ્દન નિષ્ફળ ગયેલ છે. તે યોજના હકીકતે ખેડુતો ઉપર બોજ બની છે અને મસમોટા વીજ બીલ લાખોમા આપેલ છે. તો આવી કિસાન વિરોધી કંપનીઓને બેન્ડ કરવા માંગ કરાઈ છે.


આમ ભારતીય કિસાન સંઘ દ્વારા આજે તા. ૯ મીએ લડતના મંડાણ સાથે આહવાન કરવામાં આવ્યુ છે કે જો સરકાર ૩૫ દિવસમાં આ માંગોને હલ નહી કરે તો ભચાઉ તાલુકાના જંગી ગામેથી વિશાળ વિરોધ સાથે રથયાત્રા કાઢવામાં આવશે અને કચ્છના ૬૦૦ થી વધુ ગામડાઓમાં આ રથ ફરશે અને એક એક ખેડુત ને જાગૃત કરવામાં આવશે. ઉપરાંત ભુજમાં ૫૦ હજાર થી વધુ ખેડુતો એકઠા થશે અને વિરોધ દર્શાવી કચ્છના દરેક ગામડાઓમાં ભાજપના કાર્યક્રમનો વિરોધ કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

### લાંચ લેવામાં કલાસ-૧ અધિકારીઓની સંખ્યા વધી જયારે કલાસ-૪ ની સંખ્યા ઓછી નોંધાઈ

# ગુજરાત સરકારમાં ભ્રષ્ટાચારમાં નંબર ૧ સ્થાન જાળવી રાખતુ ગૃહ વિભાગઃ મહેસુલ બીજા નંબરે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા ૩૦ વરસથી ભાજપનુ શાસન હોવા છતાં ભ્રષ્ટાચારને કાબુમાં લાવી શકાયો નથી પણ વાસ્તવમાં તે વધતો જતો હોવાનુ ખુદ સરકારના જ આંકડા દર્શાવે છે, જો કે સરકારની ભ્રષ્ટાચાર વિરોધી એજન્સી એન્ટી કરપ્શન બ્યુરો પુરી તાકાત થી કામ કરીને સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર સામે કામગીરી કરે છે,




તેના રીપોર્ટ મુજબ રાજયમાં ગૃહ ખાતુ અથવા ગૃહ વિભાગ એ સૌથી મોટો ભ્રષ્ટ છે. રાજયના કાનુન વ્યવસ્થા માટે જવાબદાર તથા વિશાળ પોલીસદળ ધરાવતા આ વિભાગની છાપ જાહેર જનતામાં સારી નથી તે તો સર્વે જાણે છે, પોલીસનો ભ્રષ્ટાચાર રોડ પર પણ જોઈ શકાય છે. તો બાદમાં સૌથી વધુ ભ્રષ્ટ સરકારી વિભાગોની યાદીમાં મહેસુલ જે જમીન સાથે જોડાયેલો વિભાગ છે, તે તથા પોલીસ વિભાગની મીલીભગત અનેક વખત બહાર આવે છે તથા જમીન કૌભાંડોમાં પણ આ વિભાગના અધિકારીઓ સામેલ છે. તેથી જ તે ભ્રષ્ટાચારમાં પોલીસ વિભાગની સ્પર્ધા પણ કરી શકે છે, પોલીસનો ભ્રષ્ટાચાર રૂપીયા ૫૦ થી ૧૦૦ ના ટ્રાફીક નિયમોના પાલન નહી કરવાની શરૂ થાય છે. પણ મહેસુલ વિભાગનો ભ્રષ્ટાચારના લાખો કરોડોમાં હોય છે, જયારે ત્રીજો સૌથી ભ્રષ્ટ વિભાગ શહેરી વિકાસ ડીપાર્ટમેન્ટ છે જે ટાઉન પ્લાનીંગને દુઝણી ગાય તરીકે જુએ તો શહેરી વિકાસમાં તગડો ભ્રષ્ટાચાર કરે છે અને સરકારનો ચોથો ભ્રષ્ટ વિભાગ પંચાયત છે. તેનો પણ લોકોને રોજબરોજ અનુભવ થાય જ છે. જો કે આ ચાર વિભાગ સિવાયના સરકારી વિભાગો ભ્રષ્ટ નથી તેવુ નથી. સૌ થોડા વધુ અંશે ભ્રષ્ટ છે અને વારંવાર આ વિભાગો તે સાબિત કરવાનુ પણ ચુકતા નથી. હવે એન્ટી કરપ્શન બ્યુરોના આંકડા જુન ૨૦૨૨ થી મે ૨૦૨૨ સુધીના જુઓ તો તા. ૨૦૨૨-૨૩ ના સમયગાળામાં એસીબીના છટકામાં ૧૮૧ સરકારી અધિકારીઓ અને કર્મચારોઓ લાંચ લેતા ઝડપાયા હતા. ૨૦૨૩-૨૪ ના આ સમયગાળામાં તે સંખ્યા વધી ૨૦૨ થઈ છે. તો બીજી તરફ ૨૦૨૪-૨૫ માં તે ૨૦૦ ની નોંધાઈ છે. તો હવે લાખોનો પગાર લેતા કલાસ-૧ ના ૧૦ સરકારી અધિકારીઓ જે ૨૦૨૨-૨૩ માં લાંચ લેતા ઝડપાયા હતા. તે ૨૦૨૪-૨૫ માં વધીને ૧૩ થયા છે. કલાસ -૨ ના ૨૦૨૪-૨૫ માં ૩૭ કલાસ-૩ ના, ૧૭૨ કલાસ-૪ ના, ૩ કર્મચારીઓ લાંચ લેતા ઝડપાયા છે. આમ કલાસ-૨, ૩ કરતા કલાસ-૪ ના કર્મચારીઓ વધુ પ્રમાણિક છે અથવા તેઓને તક મળતી નથી. સૌથી વધુ ભ્રષ્ટ ગૃહ વિભાગમાં ૨૦૨૨-૨૩ માં અને ૨૦૨૪-૨૫ માં ૮૮ અને ૨૦૨૩-૨૪ માં ૧૦૩ કેસ લાંચ રૂશ્વતના નોંધાયા હતા. પંચાયતમાં ૨૦૨૪-૨૫ માં ૨૦, મહેસુલ વિભાગના ૨૭ અને શહેરી વિકાસ વિભાગના ૧૧ અધિકારીઓ અને કર્મચારીઓ લાંચ લેતા ઝડપાયા હતા. આમ લાંચના કેસમાં ૪૫ ટકા કર્મચારીઓ ગૃહ વિભાગના જ છે. ગુજરાતમાં ભ્રષ્ટાચાર સામે ઓપરેશન ગંગાજળ શરૂ કરાયુ છે. જો કે રાજયમાં ઝડપાયેલા કેસ કરતા ભ્રષ્ટાચાર અનેકગણો વધુ હોવાનુ સામાન્ય લોકો માને છે.

# સગીરના વાળ ખેંચવાના પ્રકરણમાં વિડીયો ઉતારનાર કોન્સ્ટેબલ પ્રદિપ ડાંગરની કરાઈ ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટના રૈયા રોડ પર ના કનૈયા ચોકમાં યુવક પર છરી થી થયેલા હુમલાની ઘટનામાં ગાંધીગ્રામ પોલીસે એક સગીર સહિત ૫ ની અટકાયત કરી હતી. બાળ આરોપીને પોલીસ સ્ટેશનની અંદર તાલીબાની જેવી સજા આપવામાં આવી હતી અને બાળ આરોપીના મુળમાંથી વાળ ખેંચી કાઢવામાં આવ્યા હતા અને આ કૃત્યનો વિડીયો પણ ઉતારવામાં આવ્યો હતો.






આ મામલામાં પોલીસે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના સફાઈ કામદાર શૈલેષ અને વિડીયો ઉતારનાર કોન્સ્ટેબલ પ્રદિપ ડાંગર સામે ગુન્હો નોંધ્યો હતો. જેમાં સફાઈ કામદાર શૈલેષની અગાઉ ધરપકડ થયા બાદ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ પ્રદિપ ડાંગરની આજે ગુરૂવારે ધરપકડ કરવામાં આવી હતી. પુછતાછમાં અજાણતા તેણે વિડીયો ઉતાર્યુ હોવાનુ રટણ કર્યુ હતું. જયારે વિડીયો વાયરલ કોણે કર્યો તે હજુ બહાર આવ્યુ નથી, ત્યારે આ મુદ્દે પોલીસે તપાસ યથાવત રાખી છે. સગીરના મુળમાંથી વાળ ખેંચી નાખવાની ઘટનાનો વિડીયો ખુબ જ વાયરલ થયો હતો. આ ઘટનામાં બાળ આરોપીના દાદી ની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે સફાઈ કામદાર શૈલેષ તથા કોન્સ્ટેબલ પ્રદિપ ડાંગર સામે ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. આ પ્રકરણમાં અગાઉ સફાઈ કામદાર શૈલેષની ધરપકડ કર્યા બાદ પોલીસે અન્ય આરોપી કોન્સ્ટેબલ પ્રદિપ ડાંગરની પણ આજે ગુરૂવારે ધરપકડ કરી છે, તેની પુછતાછ કરતા તેણે અજાણતામાં આ વિડીયો ઉતાર્યો હોવાનુ રટણ કર્યુ હતુ જયારે વિડીયો વાયરલ કેમ થયો તે સવાલ હજુ તપાસનો વિષય છે. વધુમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગતો મુજબ મોડી રાતે સગીર પર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો અને ત્યારે એક પીએસઆઈ સહિત ૩ પોલીસ કર્મીઓ હાજર હતા. જેમાં સહદેવસિંહ જાડેજા નામના પોલીસ કર્મીની ટ્રાફીકમાં બદલી કરી દેવામાં આવી છે.

# અમરેલી જિલ્લા ભાજપની જુથબંધી ટોચ પર : મિલ્ક ડે ના કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ, સાંસદ, જિલ્લાના પાંચેય ધારાસભ્યોની ગેરહાજરીએ ચર્ચા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમરેલી જિલ્લા અને શહેર ભાજપમાં ચાલતી જુથબંધી ફરી સપાટી પર આવી છે, અમરડેરી દ્વારા આયોજીત શરદોત્સવ મિલ્ક ડે ના કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ, સાંસદ અને જિલ્લાના પાંચેય ધારાસભ્યોની ગેરહાજરીની લીધે અમરેલી ભાજપમાં ડખળ વખળ ચાલે છે તેવી અટકળો જોરશોરથી ચાલી રહી છે.






અમરેલી જિલ્લાના મોટા ભાગના ખેડુતો અને માલધારીઓ જે સંસ્થા સાથે જોડાયેલા છે તે ઉપરાંત જિલ્લાની સહકારી ક્ષેત્રની મોટી સંસ્થા કહેવાતી અમર ડેરી દ્વારા શરદોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપના સંગઠનના હોદેદારો, સાંસદો અને ધારાસભ્યોને આમંત્રણ આપવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા રાજકોટ સાંસદ પરશોત્તમ રૂપાલાની અધ્યક્ષતામાં ઉજવવામાં આવ્યો હતો અને આ બંને નેતાઓ આ કાર્યક્રમમાં પણ હાજર રહ્યા હતા. પરંતુ જિલ્લાના બાકીના રાજકીય આગેવાનોની ગેરહાજરીએ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે. આ કાર્યક્રમમાં જિલ્લાના પાંચ ધારાસભ્યો જેમાં અમરેલી, સાવરકુંડલા, રાજુલા, લાઠી અને ધારીના ધારાસભ્ય ગેરહાજર રહ્યા હતા. આ ઉપરાંત વર્તમાન સાંસદ ભરતભાઈ સુતરીયા અને જિલ્લા ભાજપના પ્રમુખ સહિતના આગેવાનો પણ ગેરહાજર રહ્યા હતા. જો કે પુર્વ સાંસદ નારણ કાછડીયા, પૂર્વ ધારાસભ્ય કાળુ વીરાણી હાજર રહ્યા હતા. પરંતુ જિલ્લાના પાંચ ધારાસભ્યો, સાંસદ અને જિલ્લા ભાજપ પ્રમુખની ગેરહાજરીથી લોકોમાં ચર્ચા ચાલી રહી છે કે અમરેલી જિલ્લામાં ભાજપમાં જુથવાદ ખુબ જ વધી ગયો છે. આ બાબતના અહેવાલ બાદ ગાંધીનગર ખાતે ભાજપના મોવડી મંડળે પણ ગંભીર નોંધ લીધી છે અને માહિતી પણ મંગાવી હોવાનુ સુત્રો દ્વારા જાણવા મળી રહ્યુ છે.

# જામનગરમાં ઓટો પાર્ટસના વેપારીને જીએસટીની નોટીસ મળતા થયો કરોડોના કાંડનો ખુલાસો

પ્રતિનિધિ,ગાંધીનગર

જામનગરમાં છેલ્લા ૬ દિવસથી અમદાવાદ સહિત જુદા જુદા શહેરને જીએસટી વિભાગની ટીમો દ્વારા ચેકીંગ કરવામાં આવી રહ્યુ છે. જેમાં કરોડો રૂપીયાના કૌભાંડની આશંકા વ્યકત કરાઈ રહી છે, તો બીજી તરફ જીએસટી વિભાગ દ્વારા દરોડાની કામગીરી સાર્વજનિક કરે તે પહેલા જ વેપારીએ પોલીસ ફરીયાદ નોંધાવી છે. બીલમાં કુંડાળા કરી સીએએ વેપારીને ૨.૯૩ કરોડમાં ઉતારી દીધા હોવાની પોલીસ ફરીયાદ નોંધાઈ છે. સીએએ ઓઈલ અને ઓટો પાર્ટસના વેપારીની જાણ બહાર બોગસ ખોટા બીલો બતાવી રૂપીયા ૨,૯૩,૮૩,૩૩૨ કરોડ ની વેરા શાખ જાણ બહાર અન્ય વેપારીઓને આપી કુંડાળા કર્યા હોવાની પોલીસ ફરીયાદથી ચકચાર મચી જવા પામી છે.

તાજેતરમાં જામનગરમાં જીએસટી વિભાગ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી રહી છે, છેલ્લા ૬ દિવસથી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યુ છે. જેમાં સીએ સામે શંકા ની સોય તણાઈ રહી છે, જેની તપાસ દરમિયાન ભાંડા ફોડ થયો છે. જામનગરના મોટી લાખાણી ગામે (મોટોવાસ) મા રહેતા અને વાહનના સ્પેર પાર્ટનો વેપાર કરતા પ્રદિપસિંહ લાલુભા જાડેજા નામના ૪૨ વર્ષીય યુવાને આરોપી ચાર્ટર એકાઉટન્ટ અલ્કેશ પેઢડીયા (જામનગર હીરજી મિસ્ત્રી રોડ ઉપર બ્રહ્મ એન્ડ એસોસીએટ ) સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યા અનુસાર પ્રદિપસિંહ લાલુભા જાડેજાનુ પેઢીનુ એકાઉન્ટ લખનાર ચાર્ટર એકાઉટન્ટ અલ્કેશ પેઢડીયાએ તેમની પેઢીના જીએસટી રીટર્ન માં વેચાણના ગ્રાહકોના બીલની જગ્યાએ અન્ય જીએસટી ધારક વેપારીઓના મોટી રકમના બોગસ ખોટા બીલો દર્શાવી દીધા હતા. બાદમાં પ્રદિપસિંહ ના જીએસટી પોર્ટલ ઉપર ભરવા પાત્ર રીટર્નમાં બોગસ ખોટા બીલો બતાવી રૂપીયા ૨,૯૩,૮૩,૩૩૨ કરોડની વેરા શાખ જાણ બહાર અન્ય વેપારીઓને આપી વિશ્વાસઘાત કર્યો છે. ફરીયાદમાં પ્રવિણસિંહે જણાવ્યા અનુસાર પેઢીની સ્પેર પાર્ટની ખરીદી અલગ અલગ કંપનીઓ પાસેથી કરી તેની લેતી દેતીના તમામ ટ્રાન્ઝેકશન બેંક મારફત થાય છે અને આ પેઢીનુ મોબાઈલ નંબર તથા ઈમેઈલ એડ્રેસ અલ્કેશભાઈ પેઢડીયાએ તેમની પાસે રાખ્યુ હતું. જેના પૈસા પણ તેમનામાં જતા હતા. આ દરમિયાન જુનાગઢ જીએસટી તરફથી પેઢીના નામે સમન્સ આવેલ, આ સમન્સ બદલ ફરીયાદીએ જીએસટી અધિકારીનો સંપર્ક કરતા જામનગર જીએસટી ઓફીસમાં બોલાવાયા હતા.

જયાં ફરીયાદીના જીએસટી રીટર્નમાં વેચાણના ગ્રાહકોના બીલની જગ્યાએ અન્ય જીએસટી ધારક વેપારીઓના મોટી રકમના બોગસ ખોટા બીલો દર્શાવેલ હોવાનુ બહાર આવ્યુ હતું. આથી ફરીયાદીએ ચાર્ટર એકાઉટન્ટ અલ્કેશભાઈ પેઢડીયાને ફોન કરી જણાવ્યુ હતુ કે તમે બીલબુકના બીલોની જગ્યાએ અન્ય જીએસટી ધારક વેપારીઓના મોટી રકમના ખોટા બોગસ બીલો દર્શાવેલ છે. તો તેઓએ ફરીયાદીને કહ્યુ કે વકીલને મળી પેનલ્ટીનુ સુલટાવી નાખીશુ, બાદમાં ફરીયાદીના ધંધાસ્થળે તપાસ દરમિયાન તા. ૩/૧૦/૨૦૨૫ ના રોજ જીએસટી અધિકારી ભાવનેશ દેસાઈએ ફરીયાદીને જણાવ્યુ હતુ કે તા. ૧/૪/૨૦૨૧ થી તા. ૩૧/૩/૨૦૨૫ ના સમયગાળા દરમિયાનના તમારા જીએસટી રીટર્નમાં વેચાણના ગ્રાહકોના બીલની જગ્યાએ અન્ય જીએસટી ધારક વેપારીઓના મોટી રકમના બોગસ ખોટા બીલો દર્શાવેલ છે જેથી તમોને જીએસટીમાં ૨,૯૩,૮૩,૩૩૨ કરોડ રૂપીયા પેનલ્ટી ભરવાપાત્ર થશે તેવુ જણાવ્યુ હતું. આ બાબતે જીએસટી વિભાગ તરફથી પેનલ્ટી મુજબ પૈસા ભરવાની નોટીસ આવેલ હોય જે જીએસટી રીટર્નમાં દર્શાવેલ બીલોની ફરીયાદીએ કોઈ લેતીદેતી કરેલ ન હોય જેથી આ ચાર્ટર એકાઉટન્ટ અલ્કેશભાઈ પેઢડીયા કે જેઓની જામનગર હીરજી મિસ્ત્રી રોડ ઉપર બ્રહ્મ એન્ડ એસોસીએટ નામની ઓફીસ આવેલ છે તેઓએ ફરીયાદીના જીએસટી પોર્ટલ ઉપર ભરવાપાત્ર રીટર્નમાં બોગસ ખોટા બીલો બતાવી રૂપીયા ૨,૯૩,૮૩,૩૩૨ ની વેરા શાખ મારી જાણ બહાર અન્ય વેપારીઓને આપતા મને આ પેનલ્ટી મળેલ છે. જેથી આરોપી સામે ફરીયાદ નોંધાવતા ગુન્હો દાખલ કરાયો છે.

ગઈ તા. ૨ ઓકટોબરના રોજ સવાર થી જામનગરમાં જીએસટી વિભાગ દ્વારા સામુહિક દરોડા પાડવામાં આવ્યા હતા. હીરજી મિસ્ત્રી રોડ પર આવેલ અલ્કેશભાઈ પેઢડીયાની બ્રહ્મ સીએ ફર્મ ઉપરાંત તેના જ ઈન કોર્પોરેશન અને ઈલ્યોર ફર્મ પર પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. જુનાગઢથી એક ટીમ દ્વારા અલ્કેશભાઈના ઘરે પણ પોલીસને સાથે રાખી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જો કે જીએસટી વિભાગ કાર્યવાહી શરૂ કરે તે પહેલા અલ્કેશ પેઢડીયા ભુગર્ભમાં ઉતરી ગયો હતો. સીએ ફર્મ ની સાથે સાથે અન્ય ટીમો શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલ એકમો જેમાં મિતરાજ એન્ટરપ્રાઈઝ રામદેવસિંહ ગોહિલ ની ૩ પેઢી, ઓમ એન્ટર પ્રાઈઝ ગીરીશ ગોજીયા ૪ પેઢી, શ્રુતી એન્ટરપ્રાઈઝ સંજય સીતારા ૫ પેઢી, એસ એન્ડ જેપી શૈલેન્દ્રસિંહ વાઢેર ૬ પેઢી, ધરતી એન્ટર પ્રાઈઝ પ્રદિપસિંહ લાલુભા જાડેજા ૭ પેઢી, યુકિત એન્ટર પ્રાઈઝ દિવ્યેશ ચાવડા ૮ પેઢી, આફરીન એન્ટરપ્રાઈઝ મોહસીન જુનેજા ૯ પેઢી, એડી કોર્પોરેશન અનીલ પેઢડીયા ૧૦ પેઢી, એસ એન્ડ જી ઈન્ફ્રા અને ટેકનીકા મેટલ ક્રાફટ આશિષ સોજીતરા સહિતના ફર્મ પર કાર્યવાહીનો ધમધમાટ શરૂ કરાયો હતો.